અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ જાન્યુઆરી ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ દશમ | અંક : ૧૭૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**હરણી હોડી દુર્ઘટનામાં ૧૭ લોકોનો ભોગ લેવાયો । થળ પર કોઈએ પ્રવેશ કરવો નહીં તેવી જાહેર નોટિસ લગાડવામાં આવી**

## હરણી દુર્ઘટના બાદ કોર્પોરેશને હરણી મોટનાથ તળાવ લેક વ્યુ સીલ કરી દીધું

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

હરણી મોટનાથ તળાવમાં ગઈકાલે કુલ ૧૭ બાળક-શિક્ષકના મોત નીપજ્યા બાદ વડોદરા કોર્પોરેશન નું તંત્ર એક્શન માં આવ્યું છે અનેવડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે હરણી મોટનાથ તળાવ લેક વ્યુ ને સીલ મારવામાં આવ્યું હતું અને સ્થળ પર કોઈએ પ્રવેશ કરવો નહીં તેવી જાહેર નોટિસ લગાડવામાં આવી હતી.

ગઈકાલે હોડી દુર્ઘટના માં ૧૪ બાળકોના મોત થયા બાદ પોલીસ અને કોર્પોરેશન નું તંત્ર એક્શનમાં આવ્યું હતું ગઈકાલે મોડી રાત્રે કોર્પોરેશનના કાર્યપાલક ઈજનેર રાજેશ ચૌહાણ દ્વારા કોઠીયા પ્રોજેક્ટના ૧૮ ભાગીદારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી ત્યારબાદ આજે વડોદરા કોર્પોરેશન દ્વારા લીક વ્યુ મુઠના તળાવને સીલ



મારી દેવામાં આવ્યું હતું. તળાવના સ્થળે વડોદરા કોર્પોરેશનના કમિશનર દિલીપ રાણાએ જાહેર નોટીસ લગાવી પ્રવેશ બંધી કર્યાનું જણાવ્યું છે.

દિલીપ રાણાએ જાહેર નોટિસમાં જણાવ્યું છે કે, હરણી મોટનાથ તળાવની માલિકી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની છે, અને તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ હરણી પોલીસ સ્ટેશન વડોદરા શહેરમાં ફોજદારી ગુના અંગે એફઆઈઆરથી ઈ.પી.કો. કલમ ૩૦૪, ૩૦૮, ૩૩૭, ૩૩૮, ૧૧૪ મુજબનો ગુન્હો મેસર્સ કોટીયા પ્રોજેક્ટ તથા તેના ભાગીદારો, કર્મચારીઓ, માલીકો વિગેરે વિરુધ્ધ દાખલ થયેલ છે, તેમા ૧૪ જેટલા માનવજીવોનું મરણ થયેલ છે.

જેમાં ૧૨ જેટલા બાળકો અને ૨ પુખ્તવયના શિક્ષિકાઓ મરણ ગયેલ છે અને આ અંગેની તપાસ ચાલુ હોઈ બીજો હુકમ ન થાય ત્યાં સુધી મેસર્સ કોટીયા પ્રોજેક્ટના માણસોએ, કર્માચારીઓ, ભાડુઆતો તથા અન્ય કોઈપણ અનધિકૃત વ્યક્તીઓ, ત્રાહીત વ્યકતીઓએ મિલકતમાં પ્રવેશ કરવો નહી, અન્યથા ગેરકાયદેસર પ્રવેશ (ટ્રેસપાસીંગ) અંગેની કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે આ મિલકતને સીલ કરવા હુકમ કરવામાં આવે છે

### હરણી બોટ દુર્ઘટનાની તપાસ માટે સીટની રચના કરાઈ

હરણી તળાવમાં સ્કૂલના બાળકોની બોટ પલટી જવાના બનાવની તપાસ માટે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ ની રચના કરવામાં આવી છે. જ્યારે આ બનાવની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. હરણી તળાવમાં ગઈકાલે પિકનિક પર આવેલા ન્યુ સનરાઈઝ સ્કૂલના બાળકોની બોટ પલટી જતા ૧૨ બાળકો, એક શિક્ષિકા અને મહિલા સુપરવાઇઝરના મોત નીપજ્યા હતા. ત્યારબાદ રાજ્યના ગૃહ મંત્રીએ કેટલીક મહત્વની જાહેરાતો કરી હતી. આ બનાવમાં પોલીસ કમિશનરે સીટની રચના કરી છે. જેના કન્વીનર પદે સંયુક્ત પોલીસ કમિશનર મનોજ નિનામા, ડીસીપી પન્ના મોમાયા હરણી પોલીસ સ્ટેશનના પીઆઇ સી બી ટંડેલ સહિત સાત અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં વડોદરા બોટ દુર્ઘટનામાં કુલ ૬ શખ્સની અટકાયત કરવામાં આવી છે. ગઇ કાલે વધુ કોટિયા કંપનીના ૩ પાર્ટનરોની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આ રીતે ગઈકાલે પકડાયેલા ૩ સહિત કુલ છની અટકાયત કરવામાં આવી છે. તમામ છ આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. મેઇન કોન્ટ્રાકટરને કોન્ટ્રાક્ટ આપ્યા બાદ એ કંપનીએ કોને કોને પેટા કૉંટ્રાક્ટ સોંપ્યો તેની તપાસ થઇ રહી છે.૨૦૧૭માં કોર્પોરેશને આપેલ કૉંટ્રાક્ટમાં ૪ ભાગીદાર હતા.પરેશ શાહનો દિકરો વત્સલ, ધર્મીન ભતાણી વહીવટ સંભાળતા હતા. ૨૦૧૭માં કોર્પોરેશન સાથે થયેલા કરારમાં પણ પરેશ શાહનું નામ નથી. પરેશ શાહના પુત્ર વત્સલ શાહ, પત્ની સહિત ૪ના નામે કૉંટ્રાક્ટ હતો. વડોદરા બોટ દુર્ઘટનામાં સૌથી મોટો ખુલાસો થયો હતો.

---

**અયોધ્યામાં રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠાને લઈને વિવાદ જારી**

## રામલલાની અસલ મૂર્તિ ક્યાં છે? ગર્ભગૃહમાં સ્થાપિત મૂર્તિ બાળ સ્વરૂપ નથી : દિગ્વિજયસિંહ

**મૂર્તિ બાળ સ્વરૂપમાં માતા કૌશલ્યાના ખોળામાં હોવી જોઈએ, જે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે તે મૂર્તિ બાળ સ્વરૂપ ન હોવાનો દાવો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ ભવ્ય રામ મંદિરમાં યોજાનાર રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે અને હવે દેશભરના રામ ભક્તો બસ એ ક્ષણની રાહ જોઈ રહ્યા છે જ્યારે રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે અને ભગવાન રામના દર્શન થશે. આ પહેલા ગુરૂવારે ગર્ભગૃહમાં ભગવાન રામના બાળ સ્વરૂપ રામલલાની મૂર્તિ ગર્ભગૃહમાં રાખવામાં આવી છે ત્યારે હવે કોંગ્રેસ નેતા દિગ્વિજયે સવાલ ઉઠાવતા કહ્યું હતું કે રામલલાની અસલ મૂર્તિ ક્યાં છે? ગર્ભગૃહમાં સ્થાપિત મૂર્તિ બાળ સ્વરૂપ નથી. અયોધ્યામાં નવનિર્મિત ભવ્ય રામ મંદિરમાં ગુરુવારે પ્રભુ રામના બાળ સ્વરૂપ રામલલાની મૂર્તિને પૂજા સંકલ્પ બાદ ગર્ભગૃહમાં



સ્થાપિત કરવામાં આવી હતી. હવે આ મૂર્તિને લઈને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહનું મોટું નિવેદન સામે આવ્યું છે જેમાં તેમણે કહ્યું કે રામલલાની મૂર્તિ બાળ સ્વરૂપમાં માતા કૌશલ્યાના ખોળામાં હોવી જોઈએ, પરંતુ રામ મંદિરમાં જે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે તે મૂર્તિ બાળ સ્વરૂપ નથી. આ અંગે દિગ્વિજય સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરતાં લખ્યું હતું કે હું શરૂઆતથી જ કહેતો આવ્યો છું કે રામલલાની એ મૂર્તિ ક્યાં છે જે મૂર્તિ રાખવા પર વિવાદ થયો હતો, અને બીજી મૂર્તિની શું જરુર હતી? આપણા ગુરુ શંકરાચાર્યએ પણ આવું જ સૂચન કર્યું હતું કે રામ મંદિરમાં ભગવાન રામની મૂર્તિ બાળ સ્વરૂપ માં અને માતા કૌશલ્યાના ખોળામાં હોવી જોઈએ.

---

**ભારતીય શેરબજારોનું વર્ચસ્વ ઝડપથી વધ્યું**

## સતત પાંચમા વર્ષે ભારત ડેરિવેટિવ સેગમેન્ટમાં વિશ્વભરમાં નંબર વન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય શેરબજારોનું વર્ચસ્વ ઝડપથી વધ્યું છે. માત્ર દોઢ મહિના પહેલા જ ભારતના મુખ્ય શેરબજારો બીએસઈ અને એનએસઈએ ૪-૪ ટ્રિલિયન ડૉલરની વેલ્યૂ પ્રાપ્ત કરી મોટી સિદ્ધી મેળવી હતી અને હવે એનએસઈના નામે વધુ એક મોટી સિદ્ધી નોંધાઈ છે.

ગત વર્ષે એનએસઈ એ ડેરિવેટિવ સેગમેન્ટમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું. ૨૦૨૩ માં એનએસઈ વિશ્વના સૌથી મોટા ડેરિવેટિવ એક્સચેન્જ તરીકે ઉભરી આવ્યું. આ સતત પાંચમું વર્ષ છે જ્યારે તે ડેરિવેટિવ સેગમેન્ટમાં વિશ્વભરમાં નંબર વન બન્યું છે. ઈક્વિટી સેગમેન્ટમાં એનએસઈ હવે ત્રીજા સ્થાને પહોંચી ગયું છે એટલે કે તે વિશ્વનું ત્રીજું સૌથી



મોટું ઈક્વિટી એક્સચેન્જ બની ગયું છે.

એનએસઈએ ગુરુવારે મોડી સાંજે એક નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં જણાવ્યું કે ટ્રેડ કરાયેલા કોન્ટ્રાક્ટની સંખ્યાના હિસાબે તે ૨૦૨૩ માં સતત પાંચમા વર્ષે વિશ્વનું સૌથી મોટું ડેરિવેટિવ એક્સચેન્જ બની ગયું છે. એવી જ રીતે ઈલેક્ટ્રોનિક બુક ઓર્ડરની સંખ્યા મામલે તે ૨૦૨૩ માં ઈક્વિટી સેગમેન્ટમાં ત્રીજા સ્થાને છે. એનએસઈ એ તેના નિવેદનમાં ફ્યુચર્સ ઈન્ડસ્ટ્રી એસોસિએશન દ્વારા પ્રકાશિત કરાયેલા ડેટાનો હવાલો આપ્યો હતો.

---

**ગૃહિણીઓનું રસોડાનું બજેટ ફરી પાટા પર આવી શકશે**

## LPG સિલિન્ડરની સબસિડીને લઈને મોદી સરકાર કરી શકે છે મોટી જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

મોદી સરકાર આગામી દિવસોમાં ગરીબ પરિવારોને સસ્તા દરે એલપીજી સિલિન્ડર આપવાનું વિચારી રહી છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે પણ ઓગસ્ટ મહિનામાં મોદી સરકારે ઘરોમાં ઉપયોગમાં લેવાતા એલપીજી સિલિન્ડરના ભાવમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો. કેન્દ્ર સરકારના આ નિર્ણય બાદ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ૪૦૦ રૂપિયાની સબસિડી મળવા લાગી છે. જો સૂત્રોનું માનીએ તો, કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ દેશમાં માથાદીઠ સરેરાશ વપરાશમાં સુધારો કરવા માટે પ્રતિબદ્ધ છે. આ સંદર્ભમાં કેન્દ્ર સરકાર ગરીબ પરિવારોને ૩૦૦ રૂપિયાની સબસિડીની રકમમાં વધુ વધારો કરવાનો નિર્ણય લઈ શકે છે.

તમને જણાવી દઈએ કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ આવરી લેવામાં આવેલા લાભાર્થીઓને દિલ્હીમાં ૬૦૩ રૂપિયામાં ૧૪.૪ કિલો LPG સિલિન્ડર મળે છે. તે જ સમયે, દેશમાં બિન-સબસિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમત હાલમાં ૧૨૦૦ રૂપિયાની આસપાસ છે, જે સામાન્ય લોકોને પરેશાન કરી રહી છે. તમને જણાવી દઈએ કે સબસિડી વગર LPG સિલિન્ડર લખનૌમાં ૧૧૪૦ રૂપિયા, દિલ્હીમાં ૧૧૦૩ રૂપિયા, પટનામાં ૧૨૦૧ રૂપિયા, જયપુરમાં ૧૧૦૬ રૂપિયા, અમદાવાદમાં ૧૧૧૦ રૂપિયા અને મુંબઈમાં ૧૧૦૨ રૂપિયામાં મળે છે. જો કે, આ કિંમતો ભારતના પડોશી દેશો પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા કરતા ઘણી ઓછી છે. LPGને લઈને મોટી જાહેરાત થઈ શકે છે.તાજેતરમાં જ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે સિલિન્ડરની કિંમત રૂ. ૫૦૦ કરવાની ખાતરી આપી હતી. જો કે હજુ સુધી આ ચૂંટણી વચનનો અમલ થયો નથી. પરંતુ આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગેસ સિલિન્ડરની કિંમતો ટૂંક સમયમાં ઘટાડવાની ચર્ચા છે. હાલમાં દેશમાં LPG ગ્રાહકોની સંખ્યા લગભગ ૩૩ કરોડ છે.

---




---

**શેર બજારમાં શનિવારે અને રવિવારે રજા હોય છે**

## શનિવારે શેરબજાર ચાલુ રાખવાનો ઐતિહાસિક નિર્ણય, ટ્રેડિંગ થઈ શકશે

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જે (એનએસઈ) આવતીકાલે શનિવારે શેર બજાર ચાલુ રાખવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. સામાન્ય રીતે શેર બજારમાં શનિવારે અને રવિવારે રજા હોય છે, જોકે કાલે પણ ટ્રેડિંગ કરી શકાશે. એનએસઈ અને બીએસઈએ જણાવ્યું છે કે, ૨૦ જાન્યુઆરીએ શેરબજાર ખુલ્લુ રહેવાનું છે, જેમાં તમે ટ્રેડિંગ પણ કરી શકશો. એનએસઈએ આ ખાસ સેશન ડિઝાસ્ટર રિકવરી સાઈટ પર ઈન્ટ્રાડે (ઈન્ટ્રાડે) સ્વિચ-ઓવર માટે રાખ્યું છે. આ બંને સ્ટોક એક્સચેન્જો પર આવતીકાલે નાના-નાના ૨ સેશનમાં ટ્રેડિંગ કરી શકાશે. ઈતિહાસમાં પ્રથમ વખત શનિવારે શેર બજાર ખુલ્લું રાખવાનો નિર્ણય કરાયો છે. નવા વર્ષે આ ટ્રેડિંગ સેશનથી સ્ટોક એક્સચેન્જ ડિજાસ્ટર રિકવરી (DR) સાઈટનું ટ્રાયલ કરવામાં આવશે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈપણ પ્રતિકૂળ સંજોગોમાં, અડચણ વગર ટ્રેડિંગ ચાલુ રાખવાનો છે. તેનો હેતુ માર્કેટ અને રોકાણકારો વચ્ચે સ્થિરતા યથાવત્ રાખવાનો છે.

---

**ખાલિસ્તાનીઓના ચોંકાવનારા કરતૂત**

## દિલ્હીની સરકારી શાળાની દિવાલ પર ખાલિસ્તાન સમર્થિત સૂત્રો લખાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દિલ્હીના ઉત્તમ નગરના હસ્તાલ વિસ્તારમાં એક સરકારી શાળાની દીવાલ પર ખાલિસ્તાન સમર્થિત સૂત્રો લખેલા જોવા મળ્યા હતા. આ અંગેની માહિતી પોલીસે આપતા જણાવ્યું કે આરોપીઓને પકડવા માટે તપાસ ચાલી રહી છે. આ ઉપરાંત પશ્ચિમ દિલ્હીના નિહાલ વિહાર વિસ્તારમાં એક વીજપોલ પર પણ ખાલિસ્તાન સમર્થિત સૂત્રો લખેલા મળી આવ્યા હતા. આ ઘટના અંગે પોલીસે જણાવ્યું કે મંગળવારે એફઆઈઆરનોંધવામાં આવી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે એક અજાણ્યા વ્યક્તિએ શાળાની દીવાલ પર "એસજેએફ, ૨૬ જાન્યુઆરી, ખાલિસ્તાન" લખેલું ભિતચિત્ર બનાવ્યું હતું. સપ્ટેમ્બરમાં આવી જ એક ઘટનામાં, ઉત્તર દિલ્હીમાં કાશ્મીરી ગેટ પરના ફ્લાયઓવરને ખાલિસ્તાન સમર્થિત સૂત્રો લખવામાં આવ્યા હતા.

# બોટકાંડના મુખ્ય આરોપીનું નામ ફરિયાદમાંથી ગાયબ

## પરેશ શાહે નિલેશ શાહને એમ્યુઝમેન્ટ પાર્કનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો, તો બોટિંગનો કોન્ટ્રાક્ટ નીલેશ શાહે અન્ય કોઈને આપ્યો હતો

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરાના બોટકાંડે મોરબીકાંડે યાદ અપાવી દીધું. આવી જ રીતે લોકો રજા મનાવવા કેબલ બ્રિજ પર ગયા હતા, અને અનઘડ મેનેજમેન્ટને કારણે અનેક લોકોનો જીવ ગયો હતો. પિકનિક પર ગયેલા માસુમોને ખબર ન હતી કે તેમને પાણીમાં મોત મળશે.



આ દુર્ઘટનામાં પણ એમ્યુઝમેન્ટ પાર્કના સંચાલકની મોટી બેદરકારી સામે આવી છે. પહેલા તો બોટકાંડનું મોટુ માટું પરેશ શાહનું નામ ફરિયાદમાંથી ગાયબ છે. સાથે જ કોન્ટ્રાક્ટ બાદ એક પણ બોટનું તંત્રએ ઈન્સપેક્શન નહોતું કર્યું. વડોદરા બોટકાંડમાં મોટું માથું પરેશ શાહને પોલીસે આરોપી નથી બનાવતા અનેક સવાલ ઉભા થયા છે. પોલીસ પરેશ શાહને કોણાં ઈશારે બચાવી રહી છે. કુલ ૧૮ લોકો વિરુદ્ધ ફરિયાદ કરાઈ છે, જેમાં પરેશ શાહનું નામ જ ગાયબ છે. હરણી લેકની દુર્ભાગી બોટ પરેશ શાહની માલિકીની છે. વડોદરા હરણી તળાવ બોટ દુર્ઘટનાની ઉચ્ચ કક્ષાએ વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટને તપાસ સોંપવાનો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા જણાવાયું. જેમાં વિગતવાર તપાસ અહેવાલ ૧૦ દિવસમાં રાજ્ય સરકારને સુપ્રત કરવાનો રહેશે. એક તરફ લોકો ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરને ફાંસીએ લટકાવવાની માંગ કરી રહ્યાં છે. સાથે જ દોષિત શિક્ષકો, આચાર્ય અને સ્કૂલ સંચાલકોને પણ ફાંસીની સજાની માંગ ઉઠી છે. છતાં પરેશ શાહનું નામ ફરિયાદમાંથી ગાયબ છે.

મળેલી જાણકારી પ્રમાણે કોટિયા પ્રોજેક્ટસ દ્વારા પીપીપી ધોરણે ૧૦૦ ટકા ઈજારદારના ખર્ચે બોટિંગનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. કોન્ટ્રાક્ટર પરેશ શાહે નિલેશ શાહને એમ્યુઝમેન્ટ પાર્કનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. તો બોટિંગનો કોન્ટ્રાક્ટ નીલેશ શાહે અન્ય કોઈને આપ્યો હતો. તો નિલેશ શાહે પણ અન્ય કોઈને કોન્ટ્રાક્ટ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટનામાં નિર્દોષ માસૂમ બાળકોનાં માતાપિતા રડી રડીને ન્યાય માગી રહ્યાં છે. પરંતુ તંત્ર માત્ર તપાસની વાતો કરી રહ્યું છે. વડોદરાની પોલીસની ૯ ટીમો આરોપીઓને શોધી રહી છે. આ બોટકાંડમાં વડોદરા મહાનગર પાલિકાના જવાબદાર અધિકારીઓની પણ મિલીભગત ખુલ્લી પડી છે. તેમણે એક પણ બોટનું ઈન્સ્પેક્શન કર્યું નહોતું તેવો ખુલાસો થયો છે. મોરબીમાં ઝૂલતો પુલ તૂટી પડતાં ૧૩૫ લોકોનાં મોત થયાં હતાં અને હવે ફરીથી ૧૪થી ૧૫ લોકોને મોત ભરખી ગયું છે. પરંતુ ભ્રષ્ટ અને નઘરોળ તંત્રએ કોઈ બોધપાઠ લીધો નથી. આવી જ બેદરકારીથી પાલનપુરમાં બ્રિજ ધરાશાયી થતાં ૨નાં મોત થયાં હતાં. સુરતની તક્ષશિલા બિલ્ડિંગમાં ૨૨ વિદ્યાર્થીઓનાં મોત થયાં હતાં. અમદાવાદના કાંકરિયા લેકમાં રાઈડ તૂટી પડતાં ૨ લોકોનાં મોત થયાં હતાં. પરંતુ કેમ જાણે રાજ્ય સરકાર દાખલારૂપ કાર્યવાહી કરવાથી દૂર ભાગતી રહી છે જેના કારણે એક બાદ એક બેદરકારીની ઘટનાઓ સામે આવતી રહે છે અને જનતા બિચારી મોતને ભેટતી રહે છે. વડોદરા બોટકાંડમાં મોટું માથું પરેશ શાહને પોલીસે આરોપી નથી બનાવતા અનેક સવાલ ઉભા થયા છે. પોલીસ પરેશ શાહને કોણાં ઈશારે બચાવી રહી છે. હરણી બોટ દુર્ઘટના મામલે ૧૮ સામે ગુનો દાખલ કરાયો છે. મેસર્સ કોટીયા પ્રોજેકટના સંચાલકો વિરૂધ્ધ બેદરકારી તથા નિષ્કાળજીનો ગુનો હરણી પોલીસ મથકે દાખલ થયો છે. ઈ.પી.કો.કલમ ૩૦૪,૩૦૮,૩૩૭,૩૩૮, ૧૧૪ મુજબ ગુનો દાખલ થયો છે. કુલ ૧૨ બાળકો, બે શિક્ષિકાઓના મોત નિપજ્યા છે. બોટમાં વધુ સંખ્યામાં બાળકો તથા શિક્ષિકાઓને બોટીંગ રાઈડમાં જોખમી રીતે બેસાડ્યા હતા. સમારકામ, મેન્ટનન્સ, લાઈફ જેકેટ, સેફટીના સાધનો તથા અન્ય સુરક્ષાના સાધનો જેવા કે બોયા, રીંગ, દોરડા તેમજ જરૂરી સુચના જાહેરાત બોર્ડ નહી લગાડી બેદરકારી દાખવી હોવાનો આરોપ કરાયો છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરવાડી-ગડખોલ ઓવર બ્રીજ પર રિક્ષામાં આગ લાગી

। (એજન્સી) ભરૂચ, તા.૧૯ ।

જૂના નેશનલ હાઈવે પર રિક્ષામાં આગ ફાટી નીકળી હતી. અંકલેશ્વર સુરવાડી-ગડખોલ ઓવર બ્રીજ પર રિક્ષામાં ભીષણ આગ લાગી હતી. આગના પગલે દોડધામ મચી હતી. ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ત્યાં સુધીમાં રીક્ષા આખી સળગી ગઈ હતી. આગની ઘટના દરમિયાન રિક્ષા ચાલકની સમય સૂચકતા પગલે કોઈ જાનહાનિ નોંધાઈ ન હતી. રિક્ષાઆચાલક સમયસર વાહનની બહાર નીકળી ગયો હતો. આગની ઘટના પગલે ટ્રાફીકજામ પણ સર્જાયો હતો. ફાયર બ્રિગેડે આગ બુઝાવી હતી.

### વડોદરા બાદ મહિસાગરમાં વિદ્યાર્થીઓ કેનાલમાં ડૂબ્યા

। મક્કરના મુવાડા, તા.૧૯ ।

વડોદરા બાદ મહીસાગરમાં પણ વિદ્યાર્થીઓની ડૂબવાની ઘટના સામે આવી છે. મહીસાગરમાં સુજલામ સુફલામ કેનાલમાં બે વિદ્યાર્થી ડૂબ્યાની ઘટના સામે આવી છે. વહેલી સવારે એક વિદ્યાર્થીનો મૃતદેહ શોધી કાઢ્યો હતો.વડોદરા બાદ મહીસાગરમાં પણ વિદ્યાર્થીઓની ડૂબવાની ઘટના સામે આવી છે. મહીસાગરમાં સુજલામ સુફલામ કેનાલમાં બે વિદ્યાર્થી ડૂબ્યાની ઘટના સામે આવી છે. વહેલી સવારે એક વિદ્યાર્થીનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. જ્યારે અન્ય એક વિદ્યાર્થીને બચાવી લેવામાં આવ્યો છે. ખાનપુરના મક્કરના મુવાડા ગામના બે વિદ્યાર્થી કેનાલ પાસે ગયા હતા.ત્યારે પગ લપસતાં બંને વિદ્યાર્થી ડૂબી ગયા હતા.

### બારડોલીના નગરજનો માટે વિના મૂલ્ય દીવડાનું વિતરણ કરવામાં આવ્યુ

। (એજન્સી) બારડોલી, તા.૧૯ ।

બારડોલીના જલારામ મંદિર મુકામે વિશ્વ હિન્દુ પરિષદ ,બજરંગ દળ અને શાંતિનાથાય સેવાશ્રમ મનો દિવ્યાંગ બાળકોની સંસ્થા ખરવાસાના સંયુક્ત ઉપક્રમે બારડોલીના નગરજનો માટે વિના મૂલ્ય દીવડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ આયોજન આગામી તારીખ ૨૨ જાન્યુઆરીના રોજ બારડોલીમાં ઘર ઘર દીવડા પ્રગટાવી ભગવાન રામના પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવની બારડોલીમાં ઉજવણી થાય તેવી ભાવના સાથે આ કાર્યક્રમ યોજાયો છે. આ કાર્યક્રમ જિલ્લા પંચાયત ના કારોબારી અધ્યક્ષ જીતુભાઈ પટેલ, બારડોલી નગર ભાજપ પ્રમુખ અનંતભાઈ જૈન તથા રાજકીય અને સહકારી અગ્રણી રાકેશભાઈ ગાંધીના સહયોગ અને સૌજન્ય સાથે યોજવામાં આવ્યો હતો.

# ડીસામાં કનૈયા ટ્રેડિંગમાં ફૂડ વિભાગે દરોડા પાડી તેના સેમ્પલ લીધા

। (પ્રતિનિધી) ડીસા, તા.૧૯ ।

ડીસા શહેરના જીઆઈડીસી વિસ્તારમાં અનેક ઓઈલ મીલો આવેલી છે જેમાં તેલ ઘી મરચું હળદર સહિતની ખાદ્ય ચીજોમાં ડુબલીકેટિંગ કરવામાં આવે છે અને બનાસકાંઠા ફૂડ વિભાગ પણ વર્ષમાં અનેકવાર જીઆઈડીસી ની વિવિધ મિલો પર દરોડા પાડી સેમ્પલ લેતી હોય છે ત્યારે એક ગ્રાહકે ડીસા ની બજારમાં આવેલી કનૈયા ટ્રેડિંગમાંથી સોયાબીન તેલ લીધું હતું જો કે તે તેલ ડુબલીકેટ આવતા ગ્રાહકે ફુડ વિભાગ માં રજૂઆત કરી હતી જેના પગલે શુક્રવારે બનાસકાંઠા ફુડ વિભાગની ટીમે કનૈયા ટ્રેડિંગમાં દરોડો પાડી જુદી જુદી બ્રાન્ડના તેલના સેમ્પલ લીધા હતા. ડીસા તાલુકાના માલગઢ ગામે રહેતા સુખદેવભાઈ માળીએ થોડા સમય પહેલા ડીસાના રીશાલા બજાર પાસે આવેલ શ્રીજી ચોકમાં કનૈયા ટ્રેડિંગ નામની દુકાનમાંથી સોયાબીન તેલનો ૧૫ કિલો નો ડબ્બો લીધો હતો જે તેલ તેઓ ઘરે લાવી વાપરવા માટે ખોલતા તેલ જામી ગયું હતું જેથી તેમને શંકા ગઈ હતી કે સોયાબીન



તસ્વીર : મહંમદ રફીક શેખ (રાજુ), ડીસા

તેલ કદી જાંમવું જોઈએ નહીં પરંતુ આ તેલ ડુબલીકેટ હોવાથી જામી જતા ગ્રાહકે દુકાનદારને જાણ કરી હતી જોકે દુકાનદારે યોગ્ય જવાબ ન આપતા આખરે સુખદેવભાઈ માળીએ આ મામલે બનાસકાંઠા ફૂડ વિભાગમાં રજૂઆત કરી હતી જેના પગલે શુક્રવારે સવારે બનાસકાંઠા ફૂડ વિભાગના પ્રિયંકાબેન ચૌધરી સહિત તેમની ટીમે શ્રીજી ચોકમાં આવેલી કનૈયા ટ્રેડિંગમાં દરોડો પાડી તપાસ હાથ ધરી હતી.

# અમદાવાદના પ્રવાસે પધારેલા ઉપરાષ્ટ્રપતિનાં ધર્મપત્ની સુદેશ ધનખડે લીધી થલતેજ અનુપમ શાળાની મુલાકાત

## થલતેજ અનુપમ શાળા ખાતે સ્ટેમ લેબ, રોબોટિક લેબ, ફ્યુચર ક્લાસરૂમ, વિજ્ઞાન પ્રયોગશાળા, કમ્પ્યૂટર લેબ, સ્માર્ટ ક્લાસ, ગણિત પ્રયોગશાળા, સ્માર્ટ લાઇબ્રેરીની મુલાકાત લીધી

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદના પ્રવાસે પધારેલા ઉપરાષ્ટ્રપતિશ્રી જગદીપ ધનખડનાં ધર્મપત્ની શ્રીમતી સુદેશ ધનખડે થલતેજ ખાતે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત થલતેજ અનુપમ(સ્માર્ટ) શાળાની મુલાકાત લીધી હતી. થલતેજ અનુપમ(સ્માર્ટ) શાળા ખાતે સ્કૂલ બેન્ડ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પોતાની મુલાકાત દરમિયાન શ્રી સુદેશજીએ સ્માર્ટ શાળાનાં વિવિધ ઉપક્રમો જેવા કે સ્ટેમ લેબ, રોબોટિક લેબ, ફ્યુચર ક્લાસરૂમ, વિજ્ઞાન પ્રયોગ શાળા, કમ્પ્યૂટર લેબ, સ્માર્ટ ક્લાસ, ગણિત પ્રયોગશાળા, સ્માર્ટ લાઈબ્રેરીની મુલાકાત લઈને શાળાનાં બાળકો તથા શિક્ષકો સાથે સંવાદ સાધ્યો હતી. આ ઉપરાંત, તેમણે શાળાના બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલી માટીકામ અને હસ્તકલાની કલાકૃતિઓ નિહાળી હતી. તેમણે ટ્રાફિક સિગ્નલ પર



ઊભા રહેતાં બાળકોને શિક્ષણ પૂરું પાડતી સિગ્નલ સ્કૂલની પણ મુલાકાત લીધી હતી. ઉપરાષ્ટ્રપતિશ્રી જગદીપ ધનખડનાં ધર્મપત્ની શ્રીમતી સુદેશ ધનખડની આ મુલાકાત દરમિયાન મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, શાસનાધિકારી ડૉ. એલ. ડી. દેસાઈ, ડેપ્યૂટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્કૂલ બોર્ડના ચેરમેન શ્રી સુજય મહેતા, AMC અને સ્કૂલ બોર્ડના હોદ્દેદારો/સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### પીપોદરા જીઆઇડીસીની ઘટના

# સાપ્તાહિક રજાની માગ કરી રહેલ કામદારોએ આંદોલનનું રણસીંગુ ફુક્યું

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

પીપોદરા જીઆઈડીસીમાં સાપ્તાહિક રજાની માગ કરી રહેલ કામદારોએ આંદોલનનું રણસીંગુ ફુક્યું છે. આજે ટોળું કંપનીઓમાં ઘુસી ગયું હતુ અને કંપનીઓમાં કામ કરી રહેલ કામદારોને હડતાળમાં જોડાવા આહવાન કર્યું હતું.કંપની માલિકો દ્વારા સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતા સુરત જિલ્લા પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી.ફરી એકવાર માંગરોળ તાલુકાની પીપોદરા જીઆઈડીસીમાં એક કામદારોના ટોળા દ્વારા આંદોલનનો પ્રયાસ કર્યો છે. આજરોજ વહેલી સવારે પાંચથી છ વાગ્યાના સમયગાળામાં સાપ્તાહિક રજાઓની માંગ કરી રહેલ કામદારોનું ટોળું પીપોદરા જીઆઈડીસીના સિલ્વર રાધે એસ્ટેટમાં ઘૂસી ગયું હતું.કંપનીઓ જઈ કંપનીઓ બંધ કરાવી કામ કરી રહેલ કામદારોને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો.તેમજ કંપની સંચાલકોને કંપનીઓ બંધ કરી દેવાની ધમકીઓ આપી ચાલ્યા ગયા હતા.કંપની સંચાલકો દ્વારા સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરાઈ હતી.

# સાબર ડેરીના શુદ્ધ ઘીમાં પ્રતિ કિલોએ ૧૫ રૂપિયાનો ઘટાડો

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૯ ।

મોંઘવારી વચ્ચે ગ્રાહકો માટે રાહતના સામચાર આવ્યા છે. નવા વર્ષની શરૂઆતમાં જ સાબરડેરીએ સામાન્ય લોકો માટે સારા સમાચાર આપ્યા છે. સાબર ડેરીએ ઘીના ભાવમાં ઘટાડો કર્યો છે. સાબરડેરી દ્વારા ઘીના ભાવમાં પ્રતિ કિલોએ ૧૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સાબરડેરી દ્વારા ભાવમાં જે ઘટાડો કરવામાં આવ્યો છે તે નવા ભાવ આજથી જ અમલમાં આવ્યા છે. સાબરડેરી દ્વારા વેચાણ કરતી મંડળીઓ અને સાબરડેરી સંચાલિત પાર્લરને ભાવ ઘટાડાની લેખિત જાણ કરવામાં આવી છે.

સાબરડેરીના સાબર શુદ્ધ ઘીમાં પ્રતિ કિલોએ રૂપિયા ૧૫ નો ઘટાડો કર્યો છે. સાબર ડેરીના શુદ્ધ ઘીના ૧૫ કિલોના ડબ્બામાં રૂ ૨૨૫ નો ઘટાડો કરાયો છે. હવેથી હવે ૧૫ કિલોનો સાબર શુદ્ધ ઘીનો ડબ્બો ૯૩૭૫ રૂપિયામાં મળશે. તો હવે ૧ કિલો સાબર શુદ્ધ લુઝ ઘી ૬૨૫ રૂપિયામાં મળશે. દિવાળી બાદ કમુરતા ઉતરતા ઘીના ભાવમાં સાબર ડેરી દ્વારા ઘટાડો કરાયો છે. વર્ષ ૨૦૨૪ માં પ્રથમવાર ઘીના ભાવમાં ઘટાડો કરાતા ઉત્તર ગુજરાતના લોકો રાજીના રેડ થયા છે. અમુલ ધ્વારા લુઝ ઘી ના ભાવમાં ઘટાડો કરતા ઘટાડો કરાયો છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ નવેમ્બર મહિનામાં સાબર ડેરીએ ઘીના ભાવ ઘટાડ્યા હતા. ગત નવેમ્બર મહિનામાં સાબરડેરી દ્વારા ઘીના ભાવમાં પ્રતિ કિલો એ ૨૯ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્યારે માત્ર ત્રણ મહિનાના ગાળામાં સાબર ડેરીએ બીજીવાર ઘીના ભાવમાં ઘટાડો કર્યો છે.

## વિશેષ

### ડાંગના તમામ ૩૧૧ ગામોની આદિવાસી બહેનોએ પ્રત્યેક બોર પર 'રામ' નામ લખીને તૈયાર કર્યો છે 'બોર નો હાર'

# અયોધ્યામાં પ્રભુ શ્રી રામ લલ્લાને માં શબરીના વંશજ એવી ડાંગની આદિજાતિની બહેનો બોરનો હાર ભેટ ધરશે

। (માહિતી) ડાંગ ।

સેંકડો વર્ષોના સંઘર્ષ અને ઘર્ષણ બાદ પ્રભુ શ્રી રામ લલ્લા અયોધ્યામાં નવનિર્મિત મંદિરમાં નિજગૃહે બિરાજમાન થઈ રહ્યા છે. જેનો ઉત્સાહ પ્રત્યેક દેશવાસીઓમાં પ્રગટ થઈ રહ્યો છે. ત્યારે માં શબરીના વંશજ એવા ડાંગના આદિજાતિ પ્રજાજનો પણ, નોખી અને અનોખી રીતે તેમનો ભક્તિભાવ પ્રગટ કરી, પ્રભુ શ્રી રામ સાથે જોડાયેલો તેમનો અતૂટ નાતો પ્રદર્શિત કરી રહ્યા છે.











શ્રી રામ લલ્લાને દેશ અને દુનિયાના ખૂણે ખૂણેથી અનેકવિધ નીતનવી ચીજવસ્તુઓની ભેટ સોગાદો ભાવિક ભક્તો મોકલી રહ્યા છે. ત્યારે માં શબરી અને પ્રભુ શ્રી રામ તથા ભ્રાતા શ્રી લક્ષ્મણજીના મિલન સાથે સંકળાયેલી દંડકારણ્યની પાવનભૂમિ માં રહેતા ડાંગના ભીલ, વારલી, કુનબી, તથા આદિમજૂથના પ્રજાજનોએ પણ 'બોર નો હાર' તૈયાર કરી તેમની ભક્તિ, શક્તિ, અને પ્રભુ શ્રી રામ પ્રત્યેની આસ્થા પ્રગટ કરી છે. ડાંગ જિલ્લાના તમામે તમામ ૩૧૧ ગામોની આદિવાસી બહેનોએ છેલ્લા પંદર દિવસ અગાઉથી ગામના નિયત કરાયેલા જાહેર સ્થળે એક જ સમયે એકત્ર થઈ, ખૂબ જ ભક્તિપૂર્ણ માહોલમાં ૧૦૮ બોરની એક એક માળા તૈયાર કરી છે. પ્રત્યેક બોર ઉપર પોતાના આરાધ્ય દેવ પ્રભુ શ્રી 'રામ'નું નામ લખી, એક એક બોરને ડ્રિલ મશીનથી કાણા પાડી, તેને માળામાં પરોવાયા છે. દંડકારણ્યના ગામે ગામ 'રામ નામ' નું ઘેલુ લગાડનારા પ્રયોશા પ્રતિષ્ઠાનના સ્થાપક શ્રી પી.પી.સ્વામીજીએ એક મુલાકાતમાં કહ્યું હતું કે, ૩૧૧ ગામોના ૩૬ જેટલા શક્તિ કેન્દ્રોમાં દરેક ગામના બહેનો મંદિરમાં એકત્ર થાય, ત્યાં તેમને નવનિર્મિત શ્રી રામ મંદિર વિશે વિગતે જાણકારી આપવામાં આવે, પછી પુષ્પ અને અક્ષતથી સંકલ્પ કરાવવાની સેવા વનવાસી કથાકાર બંધુઓ દ્વારા કરવામાં આવે, અને રામધૂન સાથે વનવાસી બહેનો રામ સ્મરણ કરતા કરતા પ્રત્યેક બોર પર રામ નામ લખે, દરેક ગામમાં ૧૦૮ બોર પર 'રામ નામ' લખેલો હાર તૈયાર થાય, એવી રીતે તમામે તમામ ૩૧૧ ગામોમાં સૂક્ષ્મ આયોજન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં હજારો આદિવાસી બહેનોએ ઉત્સાહથી જોડાઈને પોતાને રામ કાર્યની આ તક મળી, તેની ધન્યતા અનુભવી છે. આ કાર્યમાં માલેગામ શાળાના ગૃહપતિના નેતૃત્વ હેઠળ સંસ્થાના ૬૦ જેટલા સમર્પિત સ્વયં સેવકો દ્વારા તમામ બોરને સારી રીતે છેદ કરવાની સેવા સંપન્ન કરી, આ અદભુત ભક્તિપૂર્ણ શિલ્પકૃતિ સમી વિશિષ્ટ માળાને, સામુહિક પુરુષાર્થ થકી તૈયાર કરવામાં આવી છે. આ માટે જેટલા બોરનો ઉપયોગ થયો છે તેના કરતાં પાંચ ઘણા બોર નો વ્યય પણ થયો છે. નાનકડા બોર ઉપર 'રામ નામ' લખવા સાથે તેમાં છેદ કરવુ એ લાગે તેટલું સહેલું કામ નથી. ત્યારે દંડકારણ્યના જંગલ વિસ્તારના ગામોમાંથી સૂકા બોર એકત્ર કરવાનું કપરું કાર્ય પણ આ બહેનોએ પાર પાડ્યું છે તેમ સ્વામીજીએ વધુમાં ઉમેર્યું હતું.

આગામી તા.૨૨મી જાન્યુઆરીએ પ્રભુ શ્રી રામ લલ્લા પોતાના ઘરે બિરાજશે તેના બીજા જ દિવસે એટલે કે તા.૨૩ જાન્યુઆરીએ, માં શબરીના વંશજ એવા ડાંગના ભીલ, વારલી, કુનબી, તથા આદિમજૂથ સમાજના એક એક મહિલા પ્રતિનિધિ, ડાંગી બોલીમાં 'રામ કથા' ના માધ્યમથી ભારતિય સનાતન સંસ્કૃતિના સંસ્કાર બીજનું વાવેતર કરી રહેલા, અને ડાંગના દીકરી એવા 'યશોદા દીદી' ની આગેવાની હેઠળ અયોધ્યા જઈને, આ 'બોર ની માળા' પ્રભુના ચરણોમાં અર્પણ કરશે, તેમ પણ સ્વામીજીએ વાતનું સમાપન કરતા જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, સને ૧૯૯૮થી ડાંગ જિલ્લામાં ખાસ કરીને શિક્ષણ અને સેવાની ધૂણી ધખાવનાર 'પ્રયોશા પ્રતિષ્ઠાન' ના સ્થાપક શ્રી પી.પી.સ્વામીજી, વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે અનેકવિધ સેવા પ્રવૃત્તિઓમાં જોડાયેલા છે. તેઓ હજારો લોકોને સેવા પ્રવૃત્તિઓ માટે પ્રેરણા પણ પુરી પાડી રહ્યા છે. ત્યારે અયોધ્યાના નવનિર્મિત શ્રી રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પણ, ડાંગ જિલ્લાની આદિવાસી બહેનોને આ ભક્તિ કાર્યમાં જોડીને સ્વામીજીએ, સમગ્ર ડાંગ જિલ્લામાં ઉત્સાહ અને ભક્તિનું એક અનોખું વાતાવરણ સર્જ્યુ છે. અયોધ્યાના શ્રી રામ મંદિર માટે દેશના અનેક સ્થળોએથી વિવિધ ચીજ વસ્તુઓ ભાવપૂર્વક અર્પણ કરવામાં આવી રહી છે ત્યારે, રાજ્યના છેવાડે આવેલો ડાંગ જિલ્લો પણ, આ દિવ્ય પ્રસંગમાં સામેલ થઈ ભક્તિ પુષ્પ અર્પણ કરી દિવ્યતા અનુભવી રહ્યો છે. અયોધ્યા મોકલતા પહેલા દંડકારણ્યના ગ્રામીણ ક્ષેત્રમાં આવેલા શ્રી હનુમાનજી મંદિરે દર્શન કરી 'રામ નામ' ના આ 'બોર ના હાર' નો રથ, રામધૂન સાથે ખૂબ જ ભક્તિમય માહોલમાં ગ્રામજનોને 'રામ મય' બનાવી અયોધ્યા તરફ રવાના કરાયો છે. જ્યાં પ્રાણ પ્રતિષ્ઠા બાદ એટલે કે તા.૨૩મી જાન્યુઆરી 'બોર નો હાર' પ્રભુ શ્રી રામ લલ્લાના ચરણોમાં સમર્પિત કરાશે.

# કોચિંગ ક્લાસ પર લગામ કસાઈ, ૧૦ પોઈન્ટમાં સમજો નવી ગાઈડલાઈન

## દેશમાં આડેધડ ચાલતા કોચિંગ કારોબારના કારણે વિદ્યાર્થીઓના વધતા આત્મહત્યાના કેસના પગલે નિર્ણય

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૯ ।

દેશમાં આડેધડ ચાલતા કોચિંગ કારોબારના કારણે વિદ્યાર્થીઓના વધતા આત્મહત્યાના કેસ, દુર્ઘટનાઓ વગેરેના પગલે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે એક નવી ગાઈડલાઈન તૈયાર કરી છે. જેને માનવી તમામ કોચિંગ સંસ્થાઓ માટે જરૂરી છે. તેનો ભંગ કરનારા કોચિંગ સેન્ટરો પર એક લાખ રૂપિયાથી લઈને રજિસ્ટ્રેશન રદ કરવા જેવી કાર્યવાહી પણ થઈ શકે છે. ૧૦ પોઈન્ટમાં સમજો આ સમગ્ર ગાઈડલાઈન... **૧. ઉંમર મર્યાદા નક્કી :** શિક્ષણ મંત્રાલયે કોચિંગ સંસ્થાનોને લઈને જે ગાઈડલાઈન બહાર પાડી છે તેમાં ઉંમર મર્યાદા નક્કી કરી લીધી છે. હવે ૧૬ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓના પ્રવેશ પર નો એન્ટ્રી લાગી ગઈ છે. એટલે કે તેનો સીધો અર્થ એ થાય છે કે કોચિંગમાં પ્રવેશ સેકન્ડરી (૧૦ ધોરણ)ની પરીક્ષા બાદ જ થઈ શકશે. આ નિયમનો ભંગ કરનારા સંસ્થાનો પર કાર્યવાહી થશે. **૨. ફીની રસીદ આપવી પડશે :** નવી ગાઈડલાઈન મુજબ કોચિંગ સેન્ટરોએ વિદ્યાર્થીઓને ફીની રસીદ આપવી પડશે. આ સાથે જ વિવિધ કોર્સનો ઉલ્લેખ ક રતા એક પ્રોસ્પેક્ટ્સ પણ બહાર પાડવા પડશે. જેમાં ફી અને જમા કરવાના નિયમની પણ જાણકારી આપવી પડશે. કોચિંગ સંબંધિત તમામ જરૂરી જાણકારીઓ વેબસાઈટ પર આપવી પડશે. રજિસ્ટ્રેશન બાદ જ કોચિંગ શરૂ થઈ શકશે. અત્યારના કોચિંગ ક્લાસને ત્રણ મહિનામાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. કોઈ ક્લાસની અનેક શાખા હોય તો અલગ યુનિટ ગણાશે. **૩. અધવચ્ચે કોચિંગ છોડે તો ફી પાછી આપવી પડે :** કોચિંગ સંસ્થાનોએ પ્રોસ્પેક્ટ્સ અને નોટ્સ પણ વિદ્યાર્થીઓને પૈસા વગર આપવા પડશે. જો વિદ્યાર્થીએ પાઠ્યક્રમ માટે પૂરી ફી જમા કરી દીધી હોય પરંતુ અધવચ્ચે જ કોચિંગ છોડે તો વધેલી ફી ૧૦ દિવસમાં પાછી આપવી પડશે. કોઈ એક કોર્સની ફી લીધા બાદ વધારી શકાશે નહીં. કોચિંગમાં જરૂરી હોય ત્યાં સીસીટીવી કેમેરા લાગવવાના રહેશે. **૪. ઓછામાં ઓછી ૧ મીટરની જગ્યા જરૂરી :** કોચિંગ ક્લાસમાં દરેક વિદ્યાર્થી માટે ઓછામાં ઓછી એક વર્ગ મીટરની જગ્યા હોવી જોઈએ. આ ઉપરાંત ફર્સ્ટ એડ કિટ અને મેડિકલ આસિસ્ટન્સ ફેસિલિટી પણ જરૂરી છે. પીવાનું સ્વચ્છ પાણી અને સીસીટીવી કેમેરા પણ હોવા જોઈએ. વિદ્યાર્થીઓ માટે જરૂરી જગ્યા અને સંસાધન નહીં હોય તો રજિસ્ટ્રેશન નહીં થાય. **૫. ફરિયાદ નિવારણ માટે સમિતિ :** ગાઈડલાઈન મુજબ કોચિંગ સેન્ટરમાં એક ફરિયાદ નિવારણ પેટી કે રજિસ્ટર રાખી શકાય છે. કોચિંગ સેન્ટરમાં ફરિયાદોના નિવારણ માટે એક સમિતિ હશે. **૬. શાળાના સમયે કોચિંગ નહી :** નવી ગાઈડલાઈન મુજબ શાળાના ક્લાસિસ સમયે વિદ્યાર્થીઓ કોચિંગ ક્લાસ નહી કરી શકે. કોચિંગ ક્લાસે વિદ્યાર્થીઓ અને શિક્ષક માટે એક દિવસની સાપ્તાહિક રજા પણ સુનિશ્ચિત કરવી પડશે. **૭. રજાના આગલા દિવસે કોઈ ટેસ્ટ નહી લે :** હવે સાપ્તાહિક રજાના આગલા દિવસે કોઈ ટેસ્ટ નહીં લેવાય. કોચિંગ ક્લાસ એક દિવસમાં પાંચ કલાકથી વધુ નહીં હોય. આ સાથે જ બહુ વહેલી સવારે કે મોડી સાંજે પણ નહીં થઈ શકે. મોટા તહેવારો વખતે બાળકો પરિવાર સાથે રહી શકે તે રીતે રજા આપવી પડશે. **૮. કોચિંગ સંસ્થાન આયોજિત કરે કાઉન્સિલિંગ સેશન :** કોચિંગ સંસ્થાનોએ લાઈફ સ્કિલ, સાયન્ટિફિક ટેમ્પરામેન્ટ, રચનાત્મકતા અને ફિટનેસ, વેલનેસ, ઈમોશનલ બોન્ડિંગ, મેન્ટલ વેલ બિઈંગ, મોટિવેશન માટે ટીચર, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે કાઉન્સિલિંગ સેશન આયોજિત કરવા પડશે. **૯. ટેસ્ટ રિઝલ્ટ જાહેર નહીં :** નવી ગાઈડલાઈન મુજબ કોચિંગ સેન્ટર પોતાના દ્વારા આયોજિત ટેસ્ટના પરિણામને જાહેર કરી શકશે નહીં. તેનો ઉપયોગ ફક્ત વિદ્યાર્થીઓના દેખાવના નિયમિત વિશ્લેષણ માટે જ થવો જોઈએ. **૧૦. દિવ્યાંગો મુજબ પરિસર :** કોચિંગ સંસ્થાનો કોઈ પણ વિદ્યાર્થી સાથે જાતિ, ધર્મ, નસ્લ, લિંગ, જન્મસ્થાન, વંશ વગેરેના આધાર પર ભેદભાવ કરશે નહીં. કોચિંગ સેન્ટરની ઈમારત અને આજુબાજુનું પરિસર દિવ્યાંગો માટે અનુકૂળ હશે.

### ન્યુઝ બોક્ષ

## રામલલાના મુખારવિંદની પ્રથમ તસવીર સામે આવી



। (એજન્સી) અયોધ્યા, તા.૧૯ ।

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરમાં ભગવાન રામનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાવાનો છે. ભક્તો પ્રભુ શ્રીરામના દર્શન માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પ્રાણપ્રતિષ્ઠાના કાર્યક્રમ પહેલા રામલલાના મુખારવિંદની પ્રથમ તસવીર સામે આવી છે. આ તસવીર ભગવાન રામલલા ગર્ભગૃહમાં બિરાજમાન થાય તે પહેલા સામે આવી છે. તસવીરમાં શ્રી રામના ચહેરામાં મધુર હાસ્ય અને માથા પર તિલક જોવા મળી રહ્યું છે. અગાઉ પણ રામલલાની મૂર્તિ જોવા મળી હતી, પરંતુ મૂર્તિ સફેદ કપડાંથી ઢંકાયેલી હતી. આ મૂર્તિ મૈસૂરના મૂર્તિકાર અરૂણ યોગીરાજ દ્વારા બનાવાઈ છે. ૫૧ ઈંચની રામલલાની મૂર્તિને ગુરુવારની વહેલી સવારે મંદિરમાં લવાઈ હતી. પ્રાણપ્રતિષ્ઠા સમારોહ સાથે સંકળાયેલા પુજારી અરૂણ દીક્ષિતે મીડિયાને કહ્યું હતું કે, રામલલાની મૂર્તિને ગર્ભગૃહમાં ગુરુવારે બપોરે બિરાજમાન કરાયું હતું.

## બિગ બોસ ૧૭ના ગ્રાન્ડ ફિનાલેની તારીખ આવી સામે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૯ ।

બિગ બોસ ૧૭નો ફિનાલે ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થશે. શોનો છેલ્લો એપિસોડ રવિવારે કલર્સ ચેનલ પર પ્રસારિત થશે. શોનો છેલ્લો એપિસોડ રાત્રે ૯ વાગ્યે પ્રસારિત થશે. જો તમે ઓટીટી પર બિગ બોસ ૧૭ ફાઈનલ જોવા માંગો છો તો, જીયો સિનેમા એપ પર ફિનાલે જોઈ શકશો. બિગ બોસમાં વિનર સ્પર્ધકને લાખો રુપિયાના ચેકથી નવાજવામાં આવે છે. આ વખતે આ ૩ સ્પર્ધકોના નામ ફાઈનલની રેસમાં છે. બિગ બોસ ૧૭ સીઝન તેના છેલ્લા પડાવ પર આવી ગઈ છે. શોમાં હવે ૭ સ્પર્ધક જોવા મળી રહ્યા છે. જેમાંથી ૫ સ્પર્ધક ફાઈનલ સુધી પહોંચશે. ત્યારબાદ આ ૫માંથી કોઈ એક સ્પર્ધક બિગ બોસની ફાઈનલ ટ્રોફી હાથમાં ઉઠાવશે. મોટી પ્રાઈઝ મની પણ જીતશે. બિગ બોસનો ગ્રાન્ડ ફિનાલે ૨૮ જાન્યુઆરીના રોજ છે. આ સાથે જ બિગ બોસ ૧૭ની સીઝન પુરી થશે અને બિગ બોસને તેનો વિજેતા સ્પર્ધક મળી જશે. વિજેતા સ્પર્ધકો પર પૈસાનો વરસાદ થશે. મીડિયા રીપોર્ટ અનુસાર વિજેતા ખેલાડીને ૩૦ થી ૪૦ લાખ રુપિયાનો ચેક આપવામાં આવશે.



### શેરબજારમાં ફરી તેજીનો માહોલ સર્જાયો

## સેન્સેક્સમાં ૫૪૫, નિફ્ટીમાં ૧૭૬ પોઈન્ટનો વધારો જોવાયો

### ઓએનજીસી, ભારતી એરટેલ, એનટીપીસી અને બ્રિટાનિયાના શેરમાં ઉછાળો નોંધાવા પામ્યો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

શેરબજારનો કારોબાર શુક્રવારે સારી રીતે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૫૪૫ પોઈન્ટના વધારા સાથે ૭૧૩૭૨ પોઈન્ટના સ્તરે બંધ થયો છે જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૭૬ પોઈન્ટના ઉછાળા સાથે ૨૧૬૩૮ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. શુક્રવારે શેરબજારમાં ટ્રેડિંગમાં નિફ્ટી મિડ કેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં વધારો નોંધાયો હતો. શેરબજારના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, ઓએનજીસી, ભારતી એરટેલ, એનટીપીસીઅને બ્રિટાનિયાના શેરમાં ઉછાળો નોંધાયો હતો, જ્યારે ઈન્ડસઈન્ડ બેંક, કોટક બેંક, એચડીએફસી બેંક અને ડીવિસ લેબના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. શુક્રવારે શેરબજારના ટ્રેડિંગમાં મલ્ટિબેગર રિસર્ચ રિટર્ન આપનાર કંપનીઓ વિશે વાત કરીએ તો, સાલાસર ટેક્નો એન્જિનિયરિંગ, આઆરસીટીસી, હાઈટેક પાઈપ્સ, રામા સ્ટીલ, વિકાસ લાઈફ કેર અને વેરી રિન્યુએબલ એનર્જીના શેરમાં વધારો નોંધાયો હતો. એસબીઆઈકાર્ડ અને પેટીએમના શેર શુક્રવારે નબળાઈ પર બંધ થયા. શેરબજારમાં, ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી પાંચના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે અદાણી પોર્ટ્સ, એનડીટીવી, અદાણી વિલ્મર, અદાણી ગ્રીન એનર્જી અને અદાણી એનર્જી સોલ્યુશન્સના શેર નબળાઈ પર બંધ થયા હતા. મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, મુથૂટ ફાઈનાન્સ, એક્સિસ બેંક, પતંજલિ ફૂડ્સ, આઈસીઆસીઆઈબેંક, મારુતિ સુઝુકી, ઈન્ફોસિસ, બજાજ ફાઈનાન્સ, આશાનિષા ઈન્ડસ્ટ્રીઝ, ગાર્ડન રીચ શિપબિલ્ડર, ટાટા મોટર્સ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે ફેડરલ બેંકના શેરમાં વધારો થયો હતો. , દેવયાની ઈન્ટરનેશનલ, એચડીએફસીબેંક અને ગરવારે ટેકનિકલ ફાઈબર્સ નબળાઈ સાથે બંધ થયા હતા. શુક્રવારે શેરબજારમાં સારો ઉછાળો નોંધાયો હતો અને ઘણી કંપનીઓના શેર ભારે ઉછાળા સાથે બંધ થયા હતા.

### ભારતમાં છેલ્લા દોઢ મહિનામાં કોરોનાના કેસમાં વધારો

## દેશમાં ચોવિસ કલાકમાં કોરોનાના ૩૫૫ નવા કેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



ભારતમાં છેલ્લા દોઢ મહિનામાં કોરોનાના કેસમાં વધારો જોવા મળ્યો હતો. ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ એક જ દિવસમાં સૌથી વધુ ૮૪૧ નવા કેસ નોંધાયા હતા, ત્યારબાદ કોસમાં વધારો જોવા મળ્યો નથી. કુલ સક્રિય કેસમાંથી મોટાભાગના (લગભગ ૯૨ ટકા) સેલ્ફ આઈસોલેશન અને સામાન્ય સારવારથી સ્વસ્થ થઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, કોરોના સક્રિય કેસ હવે ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ બાદ સૌથી નીચા સ્તરે આવી ગયા છે. આજે દેશમાં એક દિવસમાં ૩૫૫ નવા કેસની પુષ્ટિ થઈ છે અને સક્રિય કેસોની સંખ્યા ૨,૩૩૧ છે. ગઈકાલે ઈન્ડિયન સાર્સ-કોવ-૨ જેનોમિક્સ કન્સોર્ટિયમ (ઈન્સાકોગ) દ્વારા શેર કરવામાં આવેલી માહિતી અનુસાર, દેશમાં કોરોના સબ-વેરિયન્ટ જેએન.૧ના કુલ કેસોની સંખ્યા હવે ૧,૨૨૬ છે. કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં અત્યાર સુધીમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. જેએન.૧ ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જોવા મળ્યો છે. કર્ણાટકમાં જેએન.૧ના ૨૩૪, આંધ્રપ્રદેશ ૧૮૯, મહારાષ્ટ્ર ૧૭૦, કેરળ ૧૫૬, પશ્ચિમ બંગાળ ૯૬, ગોવા ૯૦, તમિલનાડુ ૮૮, ગુજરાત ૭૬, રાજસ્થાન ૩૭, તેલંગણા ૩૨, છત્તીસગઢ ૨૫, દિલ્હી ૧૬, ઉત્તર પ્રદેશ ૦૭, હરિયાણા ૦૫, ઓડિશા ૦૩, ઉત્તરાખંડ ૦૧ અને નાગાલેન્ડમાં ૦૧ કેસ નોંધાય છે. દેશમાં જેએન.૧ સબ-વેરિયન્ટનો પ્રથમ કેસ ઓગસ્ટમાં સામે આવ્યો હતો. નવો વેરિયન્ટ ઓમિક્રોન (ઓમિક્રોન)નો સબ-વેરિયન્ટ બીએ.૨.૮૬માંથી ઉદભવ્યો છે.

## અલગ રાજ્યની માગ સાથે એકેએસયુના સભ્યોના દેખાવ

। (એજન્સી) જલપાઈગુડી, તા.૧૯ ।



પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લામાં અખિલ કામતાપુર વિદ્યાર્થી સંગઠન (એકેએસયુ)ના સદસ્યો અલગ રાજ્યની માગને લઈને ઉગ્ર દેખાવ કરી રહ્યાં છે. આજે સવારથી જ દેખાવકારો રેલવેના પાટા પર બેસી ગયા હતા. જેના કારણે ઘણી ટ્રેનોની અવરજવર ખોરવાઈ હતી. મોટી સંખ્યામાં લોકો રેલવે ટ્રેક પર પહોંચીને સરકાર વિરુદ્ધ નારા લગાવીને પોતાનો વિરોધ વ્યક્ત કરી રહ્યા છે. ઉત્તરપૂર્વ સીમા રેલ્વેના ન્યૂ જલપાઈગુડી-ન્યૂ બોંગાઈગાંવના બેટગારા સ્ટેશન પર દેખાવકારો સવારે સાત વાગ્યાથી ભેગા થયા હતા. જેના કારણે તમામ મહત્ત્વ પૂર્ણ માર્ગો પર રેલ સેવા ખોરવાઈ ગઈ છે. રેલ્વે પ્રોટેક્શન ફોર્સના અધિકારીઓ અને રાજ્ય પોલીસ દેખાવકારોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# આરોપીઓની આત્મસમર્પણ માટે વધુ સમયની અપીલ ફગાવાઈ

### માગણી કરેલી અરજીને ફગાવી દેતાં તમામ દોષિતોને ૨૧ જાન્યુઆરી સુધીમાં આત્મસમર્પણ કરવું પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

બિલકિસ બાનો કેસના દોષિતોને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે જેમાં સુપ્રીમ કોર્ટે બિલકિસ બાનોના ૧૧ દોષિતોએ આત્મસમર્પણ કરતા પહેલા વધુ સમય આપવા માટે દાખલ કરેલી અરજીને ફગાવી દીધી છે.

આ દોષિતોએ ગુરુવારે વ્યક્તિગત કારણોને ટાંકીને આત્મસમર્પણનો સમયગાળો વધારવાની માંગ કરી હતી. હવે સુપ્રીમ કોર્ટે પોતાના જૂના આદેશ મુજબ તમામ આરોપીઓને ૨૧ જાન્યુઆરી સુધીમાં સરેન્ડર કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે દોષિતોને આત્મસમર્પણ માટે વધુ સમય આપવાનો ઈનકાર કરીને આત્મસમર્પણ કરવા માટે સમય વધારવાની માગણી કરેલી અરજીને ફગાવી દીધી હતી. હવે તમામ દોષિતોને ૨૧ જાન્યુઆરી સુધીમાં આત્મસમર્પણ કરવું પડશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ૧૧ દોષિતોએ આત્મસમર્પણ માટેનો સમય લંબાવવા માટે જે કારણો આપ્યા છે તેમાં કોઈ તથ્ય નથી. આ પહેલા તમામ દોષિતોએ કૌટુંબિક જવાબદારીઓ અને સ્વાસ્થ્યના કારણોને ટાંકીને સુપ્રીમ કોર્ટમાં આત્મસમર્પણનો સમયગાળો વધારવાની માંગ કરી હતી. જેમાં કેટલાક દોષિતોએ ૪ અઠવાડિયાનો જ્યારે કેટલાક દોષિતોએ ૬ અઠવાડિયાનો સમય માંગ્યો હતો.

૨૦૦૨માં ગોધરા ટ્રેન અગ્નિકાંડ બાદ થયેલા રમખાણો દરમિયાન બિલકિસ બાનો સાથે ગેંગરેપ કરવામાં આવ્યો હતો અને તેમના પરિવારના ૭ સભ્યોની હત્યા કરી દેવામાં આવી હતી. ઘટના સમયે બાનોની ઉંમર ૨૧ વર્ષ હતી. ૨૧ જાન્યુઆરી ૨૦૦૮ના રોજ સીબીઆઈની વિશેષ અદાલતે ૧૧ લોકોને દોષી ઠેરવતા આજીવન કેદની સજા સંભળાવી હતી. ગયા વર્ષે ૧૫ ઓગષ્ટના રોજ ગુજરાત સરકારે તમામ દોષિતોને જેલમાંથી મુક્ત કરી દીધા હતા.

### ઈરાક-સાઉદી ભારતના સૌથી મોટા તેલના સપ્લાયર

## રશિયા ભારતના મોટા ક્રૂડ ઓઈલ સપ્લાયર તરીકે ઊભરી આવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



ભારત માટે ઈરાક અને સાઉદી અરેબિયા લાંબા સમયથી સૌથી મોટા તેલ (ક્રૂડ ઓઈલ)ના સપ્લાયર રહ્યા છે, જો કે ગયા વર્ષના આંકડાની વાત કરવામાં આવે તો સ્થિતિ કઈક અલગ જ જોવા મળે છે. ભારતે તેમની જરૂરિયાતોને પહોંચી વળવા માટે હવે તેલ ખરીદીની નવી પેટર્ન શરુ કરતા હવે ગલ્ફ દેશો બાદ રશિયા સૌથી મોટા તેલ સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે.

ચીન અને અમેરિકા પછી ભારત વિશ્વમાં ત્રીજો સૌથી મોટો તેલનો આયાતકાર દેશ છે ત્યારે ભારત માટે એક સમયે ઈરાક અને સાઉદી અરેબિયા જેવા ગલ્ફના દેશો પરંપ રાગત રીતે તેલ વેચનાર સૌથી મોટા સપ્લાયર હતા ત્યારે હવે બદલાતા સમય અને પોતાની જરૂરિયાતોને પહોંચી વળવા ભારતે રશિયા પાસેથી તેલ ખરીદવાનું શરુ કરતા ગલ્ફના દેશો સપ્લાયરના લિસ્ટમાં નીચેના ક્રમે આવી ગયા છે. ભારતે વર્ષ ૨૦૨૩માં રશિયા પાસેથી સૌથી વધુ તેલની ખરીદી કરી હતી. માહિતી અનુસાર, ભારતે ગયા વર્ષે રશિયા પાસેથી પ્રતિ દિવસ ૧૬.૬ લાખ બેરલ તેલની આયાત કરી હતી. ૨૦૨૨માં આ આંકડો માત્ર ૬.૫૧ લાખ બેરલ પ્રતિ દિવસ હતો. આનો અર્થ એ થયો કે ૨૦૨૨ની તુલનામાં ૨૦૨૩માં ભારત દ્વારા રશિયા પાસેથી તેલની ખરીદીમાં ૧૫૫ ટકાનો જબરદસ્ત વધારો થયો છે. એક સમચાર એજન્સીના જણાવ્યા અનુસાર ભારતની ૨૦૨૩માં રશિયા પાસેથી તેલની વધતી ખરીદીને પગલે ગલ્ફ દેશોને સૌથી વધુ નુકસાન થયું છે અને ભારતની ગલ્ફ દેશોમાંથી તેલની ખરીદી અત્યાર સુધીના નીચલા સ્તરે પહોંચી ગઈ છે. આ કારણે ઈરાક અને સાઉદી અરેબિયા, જેઓ લાંબા સમયથી ભારતના સૌથી મોટા તેલ સપ્લાયર હતા, તેમને મોટા પાયે નુકસાન થયું છે. હવે ભારતના તેલ સપ્લાયરની યાદીમાં રશિયા બાદ ઈરાક બીજા ક્રમે જ્યારે સાઉદી અરેબિયા ત્રીજા ક્રમે પહોંચી ગયું છે.



કર્ણાટકના બેંગલુરુ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પર લોકો દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું.

## ફ્લાઈટ કેન્સલ થાય તો પ્રવાસીને બે લાખ રૂપિયા મળી શકશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો અને ઈમેજ વાયરલ થઈ રહ્યા છે જેમાં દર્શાવવામાં આવી રહ્યુ છે કે ફ્લાઈટ મોડી પડવી કે કેન્સલ થવાથી મુસાફરોને કેટલી મુશ્કેલી થઈ રહી છે.

આ મહિને ઉત્તર ભારતમાં ચાલી રહેલી શીત લહેર અને ગાઢ ધુમ્મસના કારણે ઘણી ફ્લાઈટ કેન્સલ કે મોડી ઉડાન ભરી રહી છે. શું તમે જાણો છો કે જો તમારી ફ્લાઈટ લેટ કે કેન્સલ થઈ જાય છે તો તમારે શું કરવુ જોઈએ. ડીજીસીએ (ડીજીસીએ) ના નિયમો અનુસાર જો કોઈ ફ્લાઈટ મોડી પડે કે કેન્સલ થઈ જાય છે તો એરલાઈન મુસાફરને અમુક સુવિધા આપે છે. જો એરલાઈન ફ્લાઈટ કેન્સલ કરી દે છે તો તે મુસાફરને વૈકલ્પિક ફ્લાઈટનું ઓપ્શન આપશે કે પછી ફ્લાઈટની ટિકિટના પૂર્ણ રિફંડ સિવાય વળતર પણ આપશે.


જો કોઈ મુસાફર વૈકલ્પિક ફ્લાઈટની રાહ જોઈ રહ્યા છે તો એરલાઈન તે મુસાફરને ભોજન અને નાસ્તાની પણ સુવિધા આપશે. ફ્લાઈટ મોડી પડવાના કારણે એરલાઈન મુસાફરને ભોજન અને નાસ્તો, વૈકલ્પિક ફ્લાઈટ, ટિકિટ રિફંડ કે પછી હોટલની સુવિધા આપશે.

## પાક સેનાની એરસ્ટ્રાઈકમાં ૪ ઈરાની બાળકો સહિત ૯ લોકોના મોત થયા

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૯ ।

પાકિસ્તાને ગુરુવારે સવારે ઈરાનના સિસ્તાન-બલૂચિસ્તાન પ્રાંતમાં આતંકી ઠેકાણા પર સૈન્ય હુમલો કર્યો, જેમાં ૯ લોકો માર્યા ગયા. ત્યાર બાદ પાકિસ્તાન અને ઈરાન વચ્ચે એક જંગ છેડાવાના અણસાર ઊભા થયા છે. આ હુમલા બાદ સમાચાર આવે છે કે, પાકિસ્તાને ઈરાનને શાંતિ રાખવા માટે કહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાને ઈરાનને શાંતિ જાળવવા માટે કહ્યું છે અને આગળ કોઈ પગલા નહીં ઉઠાવવા માટે અપીલ કરી છે, જેનાથી બંને પાડોશીઓ વચ્ચે તણાવ વધે. હકીકતમાં, બલૂચિસ્તાનમાં બુધવારે ઈરાનની મિસાઈલ અને ડ્રોન હુમલા બાદથી પાકિસ્તાન ખૂબ જ ભડકેલું છે.

## કોંગ્રેસને અભિયાન હેઠળ ૩ દિવસમાં ૧૫ કરોડનું દાન મળ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

કોંગ્રેસે લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલાં ફંડ એકઠું કરવા માટે ડોનેટ ફોર દેશ નામે એક અભિયાનની શરૂઆત કરી હતી. લગભગ ૩૧ દિવસ એટલે કે એક મહિનામાં આ દરમિયાન અભિયાન હેઠળ પાર્ટીને ૧૫ કરોડ રૂ.નું દાન મળ્યું છે. કોંગ્રેસના ખજાનચી અજય માકણે કહ્યું કે પાર્ટીએ ૧૮ ડિસેમ્બરે અભિયાનની શરૂઆત કરી હતી અને આજે તેનો ૩૧મો દિવસ છે. અમે અત્યાર સુધી આ અભિયાન હેઠળ ૧૫ કરોડ રૂપિયાનું ભંડોળ એકઠું કર્યું છે. તેમણે એક પોસ્ટમાં કહ્યું કે આજનો દિવસ મહત્ત્વપૂર્ણ છે કેમ કે અમારા અભિયાનને ૩૧ દિવસ પૂરાં થઈ ગયા છે. અમને ૩ લાખથી વધુની કાયદેસરની લેવડ-દેવડના માધ્યમથી અત્યાર સુધી ૧૫ કરોડ રૂ. મળ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ ડોનેટ ફોર દેશ નામે ૧૮ ડિસેમ્બરે આ અભિયાનની શરૂઆત કરી હતી. તેમણે પહેલા દિવસે પાર્ટીને ૧.૩૮ લાખ રૂ. દાન પણ કર્યા હતા. આ અભિયાનનો ઉદ્દેશ્ય ચાલુ વર્ષે યોજનાર લોકસભા ચૂંટણીમાં પાર્ટી માટે સંસાધનો એકઠા કરવાનો છે. યુપીમાં કોંગ્રેસને આજ સુધીના ડેટા અનુસાર ૭૫,૮૮,૬૭૪ રૂપિયા અને ઉત્તરાખંડથી ૧૨,૩૨,૪૨૨ રૂપિયા દાન મળ્યા હતા.

## તંત્રી લેખ...

# વૈશ્વિક વેપારને અવરોધતા લાલ સમુદ્રમાં તણાવ વધ્યો

વૈશ્વિક વેપારને અવરોધતા લાલ સમુદ્રમાં તણાવ વધી રહ્યો છે. યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, ઈરાન-સાથી હુથી મિલિશિયાએ ગુરુવારે રાત્રે અમેરિકી માલિકીના ટેક્કર પર બે એન્ટિ-શિપ બેલેસ્ટિક મિસાઈલો છોડી હતી. જોકે આ મિસાઈલો જહાજની નજીકના પાણીમાં પડી હતી, પરંતુ કોઈ ઈજા કે નુકસાન થયું ન હતું. ત્રણ દિવસમાં કોમર્શિયલ શિપિંગ શિપ પર હુથી આતંકવાદીઓ દ્વારા આ ત્રીજો હુમલો છે. ફરી એકવાર, હુથી બળવાખોરોએ યુએસની માલિકીના ટેક્કર જહાજ પર બે એન્ટિ-શિપ બેલેસ્ટિક મિસાઈલો ફાયર કરી. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે ક્રૂએ જહાજની નજીકના પાણીમાં મિસાઈલોને અસર કરતી જોઈ હતી. હાલમાં જહાજમાં કોઈ નુકસાન થયું હોવાની કોઈ માહિતી નથી. વહાણ આગળ વધવાનું ચાલુ રાખે છે. લાલ સમુદ્રમાં છેલ્લા ઘણા દિવસોથી તણાવ છે, તો બીજી તરફ પાકિસ્તાન અને ઈરાનમાં પણ તણાવ વધી રહ્યો છે. ઈરાને મંગળવારે પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં આતંકવાદી સંગઠન જૈશ અલ-અદલના અડ્ડા પર હુમલો કર્યો હતો, જેમાં બે બાળકોના મોત થયા હતા. આતંકવાદીઓના હુમલાથી પાકિસ્તાન સ્તબ્ધ થઈ ગયું હતું. ૨૪ કલાક પછી તેણે ઈરાનના સરવાન શહેરમાં હવાઈ હુમલો કર્યો. પાકિસ્તાનની કાર્યવાહી બાદ તમામની નજર ઈરાન પર છે. તે આગળ શું પગલું ભરશે તેના પર સમગ્ર વિશ્વની નજર છે. ભારતે ગુરુવારે લાલ સમુદ્રમાં સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે તેઓ આ પ્રદેશમાં મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પરના વિકાસ પર નજર રાખી રહ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ વચ્ચે હુથી બળવાખોરો લાલ સમુદ્રમાં કોમર્શિયલ જહાજોને નિશાન બનાવી રહ્યા છે, જેનાથી વૈશ્વિક ચિંતા વધી રહી છે. બુધવારે રાત્રે એડનના અખાતમાં માર્શલ ટાપુઓના ધ્વજવાળા વાણિજ્યિક જહાજ પર ડ્રોન હુમલા બાદ ભારતીય નૌકાદળનું મિસાઈલ વિનાશક INS વિશાખાપટ્ટનમ તરત જ મદદ માટે આગળ આવ્યું. જહાજમાં ૨૨ ક્રૂ મેમ્બર સવાર હતા, જેમાં નવ ભારતીયો પણ હતા. અમેરિકા અને બ્રિટને પહેલાથી જ યમનમાં હુતી સ્થાનોને નિશાન બનાવીને હવાઈ હુમલા શરૂ કરી દીધા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, આ અમારા માટે ચિંતાનો વિષય છે. અમે તે ક્ષેત્રમાં નેવિગેશન અને વાણિજ્યની સ્વતંત્રતાને ખૂબ મહત્વ આપીએ છીએ. ત્યાં જે કંઈ થઈ રહ્યું છે તે માત્ર આપણને જ નહીં, પરંતુ વિશ્વભરના ઘણા લોકોના આર્થિક અને અન્ય ઘણા હિતોને પણ અસર કરે છે. તે લાલ સમુદ્રની સ્થિતિ પર એક પ્રશ્નનો જવાબ આપી રહ્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે અમે સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ અને ઉભરતી સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ.

# ગુજરાત યુનિવર્સિટીના ૭૨ મા દીક્ષાંત સમારોહમાં ૫૧,૬૨૨ વિદ્યાર્થીઓને પદવી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો અર્પણ કરાયા

## દીક્ષાંત સમારોહ એ શિક્ષાંત સમારોહ નથી, વિદ્યાર્થીઓએ જીવનભર શીખતા રહેવું જોઈએ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી




। (માહિતી) અમદાવાદ ।

ગુજરાત યુનિવર્સિટીના ૭૨ મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં વિવિધ વિદ્યાશાખાઓના ૫૧,૬૨૨ વિદ્યાર્થીઓને પદવી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો અર્પણ કરાયા હતા. ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડજીના અધ્યક્ષપદે આયોજિત આ દીક્ષાંત સમારોહમાં કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડજી અને મહાનુભાવોએ ગુજરાત યુનિવર્સિટી સંકુલમાં નવનિર્મિત અટલ - કલામ ભવનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. અટલ - કલામ ભવનમાં જ આયોજિત દીક્ષાંત સમારોહમાં અધ્યક્ષસ્થાનેથી બોલતાં ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડજીએ કહ્યું હતું કે, યુવાનોએ ગભરાવું ન જોઈએ. મનમાં કોઈ પણ પ્રકારનો ડર રાખ્યા વગર જીવનના દરેક પડકારોનો સામનો કરીને આગળ વધવું જોઈએ. જો તમને સફળતા ન મળે તો નિરાશ કે હતાશ થઈ જવાને બદલે મક્કમ મને મુકાબલો કરશો તો સફળતા જરૂરથી મળશે.

આઝાદીના અમૃતકાળમાં કર્તવ્યકાળની એક મજબુત નીવ મૂકવામાં આવી છે. જ્યારે દેશ વર્ષ ૨૦૪૭માં આઝાદીનો શતાબ્દી મહોત્સવ ઉજવી રહ્યો હશે ત્યારે યુવાનો પર સૌથી વધુ આશા હશે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. ગુજરાત પધારેલા ઉપરાષ્ટ્રપતિશ્રીએ ઉત્સાહભેર જણાવ્યું કે, હું ભાગ્યશાળી છું કે ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં સહભાગી થવાનો મને અવસર મળ્યો. ગુજરાત આવીને મને સારું લાગે છે, જ્યારે એક ગુજરાતી દિલ્હી જાય છે ત્યારે તેની અસર ગુજરાત પર તો પડે છે સાથે સાથે દેશ અને દુનિયા પર પણ પડે છે એમ તેમણે ઉમેર્યું હતું. આ અવસરે 'અટલ કલામ રિસર્ચ સેન્ટર'નું ઉદ્‌ઘાટન કરીને પોતે ભાગ્યશાળી હોવાનો ગૌરવભેર સ્વીકાર ઉપરાષ્ટ્રપતિશ્રીએ કર્યો હતો તેમણે જણાવ્યું હતું કે, આ સેન્ટરનું નામ ભારતના બંને મહાન પુત્રો અટલ બિહારી વાજપેયી અને એપીજે અબ્દુલ કલામના નામ પર છે એ આપણાં સૌ માટે એક ગૌરવની વાત છે. આ અવસરે તેમણે સ્વ.એપીજે અબ્દુલ કલામના પ્રેરણાદાયી કિસ્સાઓની વાત પણ યુવાનો સમક્ષ કરી હતી. વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સફળતા વિશે તેમણે જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાતે ગ્લોબલ ડેવલપમેન્ટ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. આ સાથે તેમણે ગુજરાતને લેન્ડ ઓફ ઈનોવેશન પણ ગણાવ્યું હતું અને ગુજરાતના ગ્રીન હાઈડ્રોજન મિશનની પણ સરાહના કરી હતી. ઉપરાષ્ટ્રપતિશ્રીએ કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓ વિશે વાત કરતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓ માટે અનેક સારા નિર્ણયો કર્યા છે.

# હિન્દુ સંસ્કૃતિ એટલે શું? તો જ્યાં અધર્મના વિનાશ માટે ખૂદ ઈશ્વર જન્મીને અધર્મ નો નાશ કરે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે શનિવાર કથાના સંકલન નો દિવસ અને આપણે સંકલનમાં વારાણસીની માનસ મસાનની કથાનું રસપાન કરી રહ્યા છીએ.પણ કદાચ ત્રેતાયુગમાં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનો જન્મ થયો, ત્યારે પણ લોકો જેટલા ઉત્સુક નહીં હોય, એટલાં ઉત્સુક અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ માટે છે, અને રામકથાનો ઉદ્દેશ પણ ભગવાન રામના ચરિત્ર સુધી સૌ પહોંચે, એવો છે, એટલે થયું કે આ વખતે પ્રભુ શ્રી રામના ચરિત્ર વિશે જ ચિંતન કરીશું. કાન ડાબા હાથે પકડો કે જમણા હાથે પણ અંતે તો રામનામ અને રામ કામ બંને કિનારા વચ્ચે જો જીવન પ્રવાહ વહે તો એ પ્રમાણમાં શાંતિપ્રદ અને પ્રસન્નતા પૂર્વક વહે છે.

રામ અને રામાયણ વિશે તો હિન્દુ સનાતન ધર્મને પાળનારા જાણતા જ હોય! એટલે કે અયોધ્યાના રાજા દશરથ નિઃસંતાન હતાં, કુલગુરુ વશિષ્ઠના કહેવાથી પુત્રકામેષ્ઠી યજ્ઞ કર્યો અને એકની બદલે ચાર પુત્રોનાં પિતા બન્યા અને પછી એનાં રાજ્યાભિષેકની બદલે થયેલા વનવાસની આખી વાત આ કથામાં વણાયેલી છે. બસ અહીં સુધીની વાતથી સૌ કોઈ જ્ઞાત છે! પણ એ માત્ર વાર્તા કે કહાની ની જેમ ઉપલબ્ધ રીતે! હકીકતમાં શ્રીરામ વિષ્ણુ અવતાર તરીકે જન્મ્યા કારણકે એ સમયે પૃથ્વી અસુરોના અધર્મના અનુસરણ ને કારણે ત્રાહિમામ પોકારી ઉઠી હતી. તો આપણને એક પ્રશ્ન થાય કે શું આ સમય એ સમયની કરતાં સારો છે?? શું અત્યારે અધર્મની પરાકાષ્ઠા નથી! શું સમાજમાં પ્રભુને જન્મ લેવા જેવો અધર્મ નથી પ્રવર્તતો! શું આપણે સુર છીએ કે પછી અસુર! પણ કદાચ એ સમયે એક રામ ને એક રાવણ હતાં જ્યારે આજે તો બંને એકમાં જ દેખાય છે. જાણીતા કવિ અને આમ આદમી પાર્ટીના મેમ્બર તેમજ પૂર્વ નેતા એવાં કુમાર વિશ્વાસ આજકાલ બહુ ચર્ચામાં રહે છે, અને એ સનાતન ધર્મ વિશે અને એમાં પણ ખાસ કરીને શ્રીરામના ચરિત્રને ઉજાગર કરતી વાતો એ રામાયણ કાળના શાસ્ત્રો માંથી સંશોધન કરીને કહે છે, અને એ રીતે એ રામના પક્ષને બહુ મજબૂત કરી રહ્યા છે, સનાતન ધર્મને ટેકો કરી રહ્યા છે, અને એટલે વિઘ્ન સંતોષીઓ દ્વારા એમની પર હુમલો પણ થયો. મેં અગાઉ કહ્યું હતું એમ હમણાં તો બધે જ પ્રભુ શ્રી રામની બોલબાલા છે, અને એ રીતે સૌ પોતપોતાની બુદ્ધિ પ્રતિભા ને તેજસ્વી બનાવી રહ્યા છે, અથવા ગણાવી રહ્યા છે. મેં પણ ગઈકાલે એમનો એક વિડીયો મુકેશભાઈ બુચ એ મુક્યો હતો એ જોયો. જેમાં રાવણ પણ પ્રભુ શ્રી રામના ચરિત્રની બરોબરી કરી શકે એવો ગુણવાન બતાવ્યો હતો.

પ્રભુ શ્રીરામ વાનરસેના સાથે સમુદ્ર પર સેતુ બાંધીને જ્યારે લંકા ની બહાર પહોંચે છે ત્યારે તેમને આ યુદ્ધ વિજય માટે ભગવાન શિવની પૂજા કરવી હતી સ્થાપના કરવી હતી અને એ પણ શાસ્ત્રોત વિધિ મુજબ ત્યારે તેમણે જાંબુવંત ને જણાવ્યું કે તે કોઈ પુરોહિત અથવા આચાર્ય પાસે આ પૂજા વિધિ કરાવવા માંગે છે અને આ જંગલમાં તો એવું કોણ હોય? જાંબુવનજી લંકાપતિ રાવણ નું નામ સૂચવે છે અને તેમની પાસે નિવેદન કરવા પહોંચી જાય છે રાવણ પણ ખાતરી કરી લે છે કે એને કોની પૂજા કરાવવાની છે એટલે કે દશરથ નંદન રામ અને લક્ષ્મણ જેના યજમાન છે એ જ ને? બધું જ જાણવા છતાં એ પૂજા કરાવવા સંમત થાય છે એટલું જ નહીં ગૃહસ્થ હોવાથી પૂજા વખતે એની પત્ની પણ એટલે કે સીતા પણ હોવી જોઈએ એ જ્ઞાત રાખી ઈન્દ્રજીત સાથે એને પણ પૂજામાં સામેલ કરે છે.

સૌથી વધુ મહત્વની વાત તો એ છે કે ભગવાન રામની આ પૂજા યથાર્થ રીતે સંપન્ન થઈ જશે તો રામનો યુદ્ધમાં વિજય થશે, અને યુદ્ધમાં એનો વિજય એટલે પોતાનો પરાજય એ નિશ્ચિત હોવા છતાં એ આ કાર્ય માટે મનાઈ કરતો નથી. એટલે કાળ ગણના પ્રમાણે રાવણની ગુણવત્તા પણ કંઈ ઓછી નહોતી! આ ઉપરાંત ભગવાન રામ દ્વારા દક્ષિણા માટે પૂછવામાં આવે છે, ત્યારે એ પોતાનો વિજય પણ માંગી શક્યો હોત, પણ એણે એવું પણ કહી કર્યું નથી,અને એટલે જ રામચરિતમાનસમાં તુલસીદાસજીએ રાવણને પણ અવતાર કર્યો છે. બંને પોતાની સીમામાં જ ચરિત્રને નિભાવે છે એટલે કે જો શ્રીરામને ઈશ્વર તરીકે સ્વીકારીએ તો એને પણ આવું કંઈ કરવાની જરૂર નહોતી એટલે કે સીતાનું હરણ થવું એ ઘટના જ ઘટી ન હોત, અને કદાચ ઘટે તો એ આમ જ એને પાછી મેળવી શકે! અયોધ્યાના રાજા દશરથ એ રામરાજ્યના પ્રણેતા છે, એટલે કે રામના જન્મ પહેલા પણ અયોધ્યાવાસીઓ આવા રાજા મેળવીને ધન્ય હતા. એમની પ્રજા દરેક રીતે સુખી હતી. કાળની રીતે ત્યારે રાજાઓ ગમે તેટલી રાણી રાખી શકતા અને એમાં માનીતી અણ માનીતી તથા માનીતી ના પુત્રને રાજગાદી એવા બધા દુષણો પણ હતાં.

દશરથના ભવનમાં પણ ત્રણ મુખ્ય રાણીઓ હતી કૌશલ્યા, સુમિત્રા, અને કૈકેયી, આ ત્રણેય નિઃસંતાન હતી અને એટલે રાજાને પાછલી ઉંમરે પુત્ર ન હોવાની ગ્લાનિ થઈ, એ વાત પણ જરા ખૂંચે! કારણકે વાનપ્રસ્થ સંન્યાસ ને સમયે પુત્રની કામના થવી! પણ કદાચ રામનાં જન્મ માટે એટલે કે રામ તત્વના પ્રાગટ્ય માટે ઉંમરનું કોઈ બંધન નથી! એ વાત સિદ્ધ કરવા માટે હોય શકે! પણ એક રાણી ને ત્યાં પુત્રનો જન્મ થયો હોત તો પણ રાજા દશરથની આ કામનાં પૂરી થઈ હોત! તો ચારચાર પુત્ર શું કામ જન્મ્યા? એ પણ એક પ્રશ્નાર્થ છે. પણ પ્રભુ શ્રીરામના ચરિત્રને નર તરીકે નીપજાવવા માટે એમને પોતાની માતા ઉપરાંત અન્ય બે માતા અને ત્રણ ભાઈની પણ આવશ્યકતા હતી અને એટલે જ એકની બદલે ચાર પુત્રો થયા. પોતે માતા કૌશલ્યાના કોકે થી જન્મ લીધો હોવા છતાં એમના ઉછેરમાં સુમિત્રા તેમજ કૈકેયીનો પણ મહત્વનો ફાળો રહ્યો, અને આ ઉપરાંત ભરત લક્ષ્મણ તેમજ શત્રુઘ્ન અરે ઉર્મિલા માંડવી અને શ્રુતકિર્તિ નો પણ એટલો જ ફાળો છે.

આ ઉપરાંત વશિષ્ઠ અને વિશ્વામિત્ર ઋષિ, અસુર તરીકે તાડકા, સુબાહુ, મારિચ, કુંભકર્ણ, વિભિષણ, ઈન્દ્રજીત અક્ષય અને મંદોદરી સુધી અને હનુમાનજી નાં માર્ગમાં રુકાવટ બનીને અસત્ય પર સત્યનો વિજય થાય એ માટે અસત્યનું હોવું પણ જરૂરી છે, અને તો જ સત્ય ની કિંમત થાય! તો આ બધાંનાં હોવાથી જ ખરું રામ તત્વ ઉજાગર થયું જેની આજે પણ બોલબાલા છે. આપણો ઉત્સાહ જો હિન્દુત્વ માટે જ હશે તો આ ભાવ કે પ્રવાહ આપણને રાજકારણ સાથે જોડશે, પણ જો આ ભાવ આપણી સંસ્કૃતિનો પાયો મજબૂત કરવા માટે હશે કે પછી પ્રભુ શ્રી રામના ચરિત્ર ને કે એનાં ગુણોને ફરી ઉજાગર કરવા માટે ખુદ એ ગુણોને આત્મસાત કરીને જીવે! અને જેમ ત્યારે એ કાળમાં પણ રામના ચરિત્રને ઉજાગર કરવા અન્ય ચરિત્રનો સમન્વય થયો હતો એમ આપણે એકબીજાનાં પૂરક બની આ તત્વ ને ઉજાગર કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# બાલ્યાવસ્થામાં બાળકોને સારા સંસ્કાર આપશો તો જુવાનીમાં બગડશે નહીં, એ સંસ્કાર એનું રક્ષણ કરશે

**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





જગતમાં સૌ પ્રત્યે સદભાવ રાખો. તમારા આત્માને પ્રતિકૂળ લાગે તેવું વર્તન બીજા ભરચક કરો. તમે કોઈ જીવ પ્રત્યે કુંભાવ રાખશો, તો તે જીવ તમારા તેવો પ્રતિધ્વનિ!પ્રત્યે કુંભાવ રાખશે. જેવો ધ્વનિ સત્કર્મ કરતાં ખૂબ થાક લાગશે તો નિદ્રા આવશો સારી પેઠે થાક લાગે ત્યાં સુધી કર્મ કરો. અને ત્યારે એ નિદ્રા પણ ભક્તિ બનશે. કર્મનું ફળ ઈશ્વરને અર્પણ કર્યું, પછી એ ફળનો માલિક ઈશ્વર થયો. ઈશ્વર કોઇનું ઋણ રાખતો તથી. એ સામું અનંતગણું કરીને વાળે છે. અનુભવ ન થાય એનો અર્થ એ નથી કે સિદ્ધાંત. અનુભવ ન થાય તો માનજો, મારામાં, મારા કર્મમાં કાંઇક ખામી છે. પૂર્વજન્મના ખોટો સંસકારો અને વાસના બળી જશે એટલે કર્મમાં આનંદ આવશે. કર્મનું ફળ ક્યારે મળશે તે કહી શકાય નહી. ઠાકોરજી મંદિરમાં બિરાજે તેથી શાંતિ નહીં મળે પણ તે આપણી બુદ્ધિમાં બિરાજે તો જ શાંતિ થાય. જેવી રીતે સંસારના વિષયો બુદ્ધિમાં રાખો છો, તેવી રીતે બુદ્ધિ માં ભગવાનને રાખો તો જીવન કૃતાર્થ થાય. માલણ ટોપલી માં ફળ રાખતી, તેમ તમે તમારી બુદ્ધિની ટોપલીમાં પ્રભુને રાખો!બાલકૃષ્ણ પાંચ વર્ષના થયા છે. બાલકૃષ્ણને વૃંદાવન જવાની ઈચ્છા છે. ગોકુળમાં થતા ઉત્પાતો જોઈ ઉપનંદકાકાએ સૂચન કર્યું કે, આપણે બાળકોને લઈ બીજે સ્થળે રહેવા જઈએ. અત્રેથી થોડે દૂર વૃંદાવન નામનું વન છેતે રહેવાને યોગ્ય છે. આ સૂચન સર્વને ગમ્યું.માલકૃષ્ણ સાથે બધા વૃંદાવન માં રહેવા આવ્યાં છે. વૃંદા એટલે ભક્તિ. વૃંદાવન એટલે ભક્તિનું વન. બાળક પાંચ વર્ષનો થાય એટલે તેને ગોકુળમાંથી વૃંદા વનમાં લઈ જાઓ. એટલે તેને ભક્તિના વનમાં લઈ જાવ. બાળકને પાંચ વર્ષ પૂરાં થયાં પછી લાડ કરશો નહીં. લાડનો સમય ગોકુળમાં પૂરો થયો. જે મા-બાપ બાળકને સારા સંસ્કાર આપે તે મા-બાપ બાળકના વેરી છે. જે મા-બાપ બાળકને ધર્મનું શિક્ષણ ન આપે,ભક્તિનું શિક્ષણ ન આપે તે મા-બાપને બાળકના દુશ્મન સમજવાં. બાળકનું હૃદય કોમળ હોય છે તેને જે બજ વાળશો,તે બાજુ વળશે. માટે બાલ્યાવસ્થામાં બાળકોને સારા સંસ્કાર આપો તો જુવાનીમાં બગડશે નહી.એ સંસ્કાર એનું રક્ષણ કરશે. ઉપનંદ કાકા વનમાં લઈ જાય છે. જેને જ્ઞાની વયોવૃદ્ધ સંતોનો સંગ હોય તેને પતનની બીક રહેતી નથી. એકલો ચાલવા જાય તો પડવાની બીક રહે છે. કોઇનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે.

ઈશ્વરનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે નહીં. વૃંદાવનમાં એકલા ન જવું. બીજા ને પણ સત્કર્મમાં પ્રેરણા આપવી. માટે તો ગોપીઓ સાથે વૃંદાવનમાં ગયા છે. વૃંદાવનમાં ગોવર્ધન પર્વત અને યમુનાના કિનારાઓ જોઈ રામ-કૃષ્ણને ઘણો આનંદ થયો. વૃંદાવનમાં આવ્યા પછી ભગવાન વત્સપાલ થયા છે. બાળમિત્રો સાથે તેઓ વાછરડાં ચરાવે છે. યમુનાના કિનારે બાળકો સાથે અનેક પ્રકાર ની રમતો રમે છે. ભગવાન પહેલાં વત્સપાલ બને છે અને પછી ગોપાળ બને છે. પહેલાં વાછરડાં ચરાવે છે, પછી ગાયોને ચરાવે છે.કોઈ કોઈ વેળા ભગવાન બંસી બજાવે છે અને જુદા જુદા પ્રકાર ની રમતોથી ગોપબાળકોને આનંદ કરાવે છે. જીવમાત્રને શ્રીકૃષ્ણ બંસીના ધ્વનિ થી બોલાવે છે,પણ મોહક વિષયો માં ફસાયેલા જીવને એ સાદ સંભળાતો નથી. જમુનાજીનો કિનારો છે ત્યાં બકાસુર આવે છે અને વત્સાસુર પણ આવે છે. બકાસુર એટલે દંભ અને વત્સાસુર એટલે અજ્ઞાન-અંધશ્રદ્ધા. ભક્તિ માં આ બે વિઘ્નો આવે છે. બકાસુર એટલે બગલાસુર. બગલો એ દંભનું પ્રતીક છે,તેથી તો દંભીને બગભગત કહે છે. દંભસમાન કોઈ પાપ નથી.બીજાં પાપ માટે પ્રાય શ્ચિત્ત છે, પણ દંભનું પ્રાયશ્ચિત્ત નથી. જેનો સ્વાંગ ઉપરથી સારો છે, પણ જેની કરણી મેલી છે તે બકાસુર. બગલાની ચાંચમાં લોભ છે. કીર્તિ નો લોભ હોય અને ધનનો લોભ હોય ત્યાં દંભ આવે છે જ. એટલે દંભથી ખૂબ ચેતતા રહેવાનું ભક્તિ ના કિનારે પણ દંભ પેદા થઈ જાય છે,જેમ જમુનાજીના કિનારે કિનારે બકાસુર દેખાય છે તેમ.એક સમયે શ્રીહરિ ગોપ બાળકો સાથે વાછરડાંઓ ચરાવવા વનમાં ગયા. વનમાં તેઓ જાતજાતની રમતો રમવા લાગ્યા. આ ગોપબાળકોનું ભાગ્ય તો જુઓ! જેનાં દર્શન યોગીઓને પણ દુર્લભ છે, તે પરબ્રહ્મની સાથે તેઓ રમી રહ્યા છે.તેવામાં અઘા સુર ત્યાં આવ્યો. અઘાસુરને કંસે મોકલ્યો હતો. બકાસુર અને પૂતના નો તે નાનો ભાઈ હતો.અઘ એટલે પાપ. જ્યાં અજ્ઞાન અને દંભ હોય ત્યાં પાપ આવે જ. એટલે અઘાસુર આવ્યો.

અઘાસુર મોટા અજગરનું રૂપ લઈને આવ્યો અને સર્વ ગોપ બાળકોને ગળી જવાની ઈચ્છાથી મોં ફાડી માર્ગમાં સૂતો. અઘાસુર- અજગરના મુખને આ કોઈ પર્વત ની ગુફા છે એમ માની બાળકો તેમાં પ્રવેશ કરવા તૈયાર થયાં, પણ કનૈયો એમનો મુખી. એટલે બધા કહે, કનૈયા, તું આગળ થા! બાળકોને શ્રદ્ધા છેકે, અમારો કનૈયો સાથે હોય તો પછી અમને ક્યાંય જવાનો ડર નથી. શ્રીકૃષ્ણનાં મુખ સામે જોતાં, હસતાં અને તાળીઓ પાડતાં ગોપબાળકો અજગરના મુખમાં પેસી ગયાં.

ગોપબાળકોને બચાવવા ભગવાને પણ અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ગમે ત્યાં જાઓ, ગમે તે કાર્ય કરો, પણ ભગવાનને કાયમ સાથે રાખજો. એને મુખી કરી આગળ કરશો તો તમારો જયજયકાર થશે. માટે પ્રભુને સાથે લઈને ફરો. પ્રભુને એટલે ઠાકોરજીની મૂર્તિને નહીં, પણ અંતરમાં ઠાકોરજીના સ્વરૂપ ને!અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ત્યારે બાળકો તાળી પાડતાં ગયાં છે.ભાગવતમાં સમાધિભાષા મુખ્ય છે.લૌકિક અને પરમતભાષા ગૌણ છે. એટલે ભાગવતનો અર્થ જેને સમાધિનો અભ્યાસ છે તે સમજી શકાશે.વિલાસીને ભાગવત નો અર્થ સમજવો મુશ્કેલ છે. તાળી એ નાદબ્રહ્મ છે. નાદબ્રહ્મ અને નામબ્રહ્મ એક થાય, ત્યારે પરબ્રહ્મ પ્રગટ થાય.અંદર જઈને ભગવાને વિશાળ રૂપ ધારણ કર્યું એટલે અઘાસુરના પ્રાણ બ્રહ્મરંધ્ર માંથી બહાર નીકળ્યા અને બાળકો તેમજ વાછરડાંઓ બહાર આવ્યાં. અઘ એટલે પાપ. અઘાસુરએ પાપનું સ્વરૂપ છે.પાપમાં-પાપ સાથે રમે છે તે અઘાસુર. પાપ કરવામાં જે સુખ માને તે અઘાસુર. કેટલીક વખત જોવામાં આવે છે કે, પાપી સુખ ભોગવતો હોય છે, પણ આ તો તેના પૂર્વજન્મનાં કોઈ પુણ્યનું ફળ છે એમ માનવું. બાકી પાપનું પરિણામ દુઃખ જ છે. પાપ કરનારો કોઈ દિવસ સુખી થયો નથી અને સુખી થવાનો નથી. કોઈ પુણ્યશાળી ઉવ દુઃખી દેખાય તો સમજવું કે,તે તેના અગાઉના જન્મના કોઈ પાપનું ફળ ભોગવે છે.પુણ્યનું ફળ દુઃખ નથી જ.

પાપ માંથી છૂટવા માટે પ્રતિકૂળની સામે અનુકૂળતા ઊભી કરો! મનુષ્યને કોઈ કોઈ વખત હું પાપ કરી રહ્યો છું તેનું ભાન થાય છે પણ તે પાપને છોડી શકતો નથી. પાપના પંજામાં થી છૂટવું કઠણ છે.અતિશય પુણ્ય નું જોર ન હોય ત્યાં સુધી પાપની આદત છૂટતી નથી. માટે જ્યાં સુધી ઈન્દ્રિયોને પાપ કરવાની આદત છે, ત્યાં સુધી તેને ભક્તિ રસ મળશે નહીં. પાણીથી ભરેલા લોટામાં દૂધ ભરવું હશે તો પાણીને બહાર કાઢી નાખવું પડશે. મનમાં પાપનો વિચાર આવે તે જ ક્ષણે તેને કાપી નાખો. કદાચ પાપ થઈ જાય તો પ્રભુ પાસે રડી પડો કે, પ્રભુ, મારા પાપની ક્ષમા કરો! અંતરથી રડશો તો પ્રભુ દયાળુ છે, દયા કરશે જ. પાપ મોં ફાડી સામે ઊભું છે. અઘાસુર અજગરરૂપે આવેલો. મનુષ્ય સાવચેત ન રહે તો પાપરૂપી અજગર તેને ગળી જય છે. એ ગળવા તૈયાર જ ઊભો છે. પાપ શરીરમાં પ્રવેશ કરશે, તો પછી એ તમને છોડશે નહીં.જેના મનમાં, ઘરમાં પાપ છે ત્યાં પરમાત્મા આવતા નથી. એટલે પરમાત્માને ઘરમાં સ્થાપવા હોય તો પાપથી દૂર રહેજો. અજગરના મુખમાં પેઠેલા ગોપ બાળકો જાતે બહાર નીકળી શકતાં નથી. શ્રીકૃષ્ણ તેઓને બહાર કાઢે છે.પાપરૂપી અજગરના મુખમાં ગયેલો કોઈજાતે બહાર નીકળી શકે નહી.અજગરના મુખ માં ગયેલાને બહારનો માણસ બહાર ખેંચી શકે.પાપમાંથી ભગવાન બચાવી શકે. સદગુરુ પાપના મોંમાં પડે તે પહેલાં ચેતવી શકે, પણ પાપનાં મોં માં પડ્યા પછી તો પ્રભુ જ તેમાંથી ઊગારી શકે.પ્રભુ સિવાય બીજાની એ તાકાત નથી. ભારત દેશની ધડકન ભગવાન શ્રી રામના નિવાસ સ્થાન અયોધ્યામાં મંદિર નિર્માણ કાર્ય લોકસભાની ચુંટણી પહેલાં સંપન્ન કરી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ફૂલ ઉજવણી ચૌદમી જાન્યુઆરીથી વિધિવત રીતે ચાલુ થઈ ગયેલ છે.ત્યાં અચાનક રાજયમાં હિરણી નદીમાં બોટિંગનો આનંદ માણી રહેલ શાળાની નાની બાળકીઓ તથા શિક્ષિકાઓ સાથેની બોટ ડૂબી જતાં બે શિક્ષિકાઓ તેર જેટલી નાની બાળકીઓના ડૂબી જતાં મોત થયા જે ઘણી દુઃખદ ઘટના છે પણ આજના માહોલમાં મોરબીના ઝુલતા પુલ જેવું થશે જય શ્રી રામ... સૌનું ભલું થાય એ દિવંગત આત્માઓને પ્રભુ ચિરઃ શાંતિ આપે તેવી પ્રાર્થના સાથે અસ્તુ. જય જય શ્રી રામ..





### રામ-સીતા અને લક્ષ્મણનું ભવ્ય સ્વાગત કરાયું

# 'રામાયણ' સિરીયલના રામ-સીતા અને લક્ષ્મણ પહોંચ્યા અયોધ્યામાં રામ મંદિરમાં મહેમાન તરીકે

## રામલલ્લાના અભિષેક માટે ટીવી, ફિલ્મ, રાજકારણ, રમતગમત જેવા વિવિધ ક્ષેત્રના પ્રતિષ્ઠિત લોકોને આમંત્રણ

૨૨મી જાન્યુઆરી સમગ્ર દેશ માટે એક ઐતિહાસિક દિવસ બનવા જઈ રહ્યો છે. આ દિવસે અયોધ્યામાં રામ મંદિરમાં અભિષેક વિધિનું આયોજન કરવામાં આવશે. આ માટે દરેક લોકો ઉત્સાહિત છે. આ સમારોહની અયોધ્યામાં તૈયારીઓ ચાલી રહી છે. આ દિવસે વિવિધ ક્ષેત્રની પ્રતિષ્ઠિત વ્યક્તિઓને મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે.

આ દરમિયાન રામાનંદ સાગરની 'રામાયણ' સિરીયલના મુખ્ય કલાકારો અયોધ્યા પહોંચી ગયા છે. સિરીયલમાં રામ, સીતા અને લક્ષ્મણની ભૂમિકા ભજવનારા અભિનેતા અરુણ ગોવિલ, દીપિકા ચિખલિયા અને સુનીલ લહરીનું અયોધ્યામાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. થોડા દિવસો પહેલા સુનીલ લહરીનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં તેમણે ફરિયાદ કરી હતી કે તેમને અયોધ્યામાં અભિષેક સમારોહનું આમંત્રણ મળ્યું નથી. પરંતુ હવે ચાહકો પણ તેને અરુણ ગોવિલ અને દીપિકા ચિખલિયા સાથે અયોધ્યામાં જોઈને ખુશ છે. ઘણા વર્ષો પછી દર્શકોને આ ત્રણેય દિગ્ગજ કલાકારો સાથે જોવા મળી રહ્યા છે. રામાયણ ખૂબ જ લોકપ્રિય સિરિયલ છે. લોકડાઉન દરમિયાન આ સિરિયલ ફરી એકવાર ટીવી પર ટેલિકાસ્ટ કરવામાં આવી હતી. તે સમયે સિરિયલના કલાકારો ફરી એકવાર ચર્ચામાં આવ્યા હતા.

અયોધ્યામાં અભિષેક સમારોહની તૈયારીઓ ચાલી રહી છે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે ૮૦૦૦ થી વધુ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ મંદિરમાં પૂજા કેવી રીતે થશે, તેની વિશેષતાઓ શું છે તે જાણવામાં ઘણા લોકોને રસ છે. અભિનેત્રી હેમા માલિની ત્યાં પરફોર્મ કરવાની છે.



# સચિન તેંડુલકર બાદ સોનુ સૂદ બન્યો ડીપ ફેકનો શિકાર

## તેણે જણાવ્યું કે તેના ડીપ ફેક વીડિયો દ્વારા એક પરિવાર પાસેથી નાણાં પડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો

થોડા સમયમાં એક્ટ્રેસ રશ્મિકા મંદાનાથી લઈને કાજોલ સુધીના ઘણા સ્ટાર્સ ડીપ ફેકનો શિકાર બન્યા છે. આ સ્ટાર્સમાં સચિન તેંડુલકર પણ સામેલ હતો. હવે વધુ એક નવો મામલો સામે આવ્યો છે, જે બોલિવુડ એક્ટર સોનુ સૂદ સાથે જોડાયેલો છે. તેના ડીપ ફેક વીડિયો દ્વારા એક પરિવાર પાસેથી નાણાં પડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સોનુ સૂદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં વીડિયો કોલ પર વાત કરતા એક પરિવાર પાસે મદદ કરવાની વાત કરવામાં આવી છે.

આ વીડિયો પોસ્ટ કરતી વખતે સોનુ સૂદે લોકોને સતર્ક રહેવા માટે કહ્યું છે. સોનુ સૂદે લખ્યું છે "મારી ફિલ્મ ફતેહ ડીપ ફેક અને ફેક પીપલ એપ્સ સાથે જોડાયેલી વાસ્તવિક સ્ટોરી પર આધારિત છે. આ એક નવી ઘટના છે, જ્યાં કોઈએ સોનુ સૂદ હોવાનો ઢોંગ કરીને એક અજાણ્યા પરિવાર પાસેથી વીડિયો કોલ દ્વારા નાણાં પડાવવાનો પ્રયાસ કર્યો હતો. અનેક નિર્દોષ લોકો આ જાળમાં ફસાઈ જાય છે.

જો તમને આવા ફોન આવે તો હું દરેકને સાવધાન રહેવા વિનંતી કરું છું. વીડિયોમાં સોનુ સૂદ જેવો નકલી વ્યક્તિ વીડિયો કોલ દ્વારા પરિવાર સાથે વાત કરતો જોવા મળે છે અને કહે છે કે તે વ્યસ્ત હોવાને કારણે તેમની મદદ કરી શક્યો નથી. જે પરિવારે તેમની સારવાર કરાવવા માટે લોન લીધી હતી, તે લોન પરત કરવા માંગે છે અને મદદ કરવા માંગે છે. આ વીડિયો શેર કરતા સોનુ સૂદે કહ્યું કે આ જાળમાં ફસાશો નહીં અને સાવચેત રહો. આ રીતે નાણાં પડાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# હનુમાન ફિલ્મે કામકાજના દિવસોમાં ૧૦ કરોડથી વધુની કમાણી કરી હતી

## ઈન્ડસ્ટ્રી ટ્રેકર સેકનિલ્કના જણાવ્યા અનુસાર ૬ દિવસમાં હનુમાનનું કુલ કલેક્શન ૮૦ કરોડ ૪૪ લાખ થઈ ગયું છે

તેલુગુ પૌરાણિક સુપરહીરો ફિલ્મ હનુમાન એ તેના તમામ કામકાજના દિવસોમાં ૧૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. સોમવારે ૧૫ કરોડ અને મંગળવારે ૧૨ કરોડ રૂપિયાની કમાણી કર્યા બાદ ફિલ્મે બુધવારે ૧૧ કરોડ ૬૯ લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. ઈન્ડસ્ટ્રી ટ્રેકર સેકનિલ્કના જણાવ્યા અનુસાર ૬ દિવસમાં 'હનુમાન'નું કુલ કલેક્શન ૮૦ કરોડ ૪૪ લાખ રૂપિયા થઈ ગયું છે. ફિલ્મના હિન્દી વર્ઝને ૬ દિવસમાં ૨૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. સમગ્ર ભારતમાં ફિલ્મ રિલીઝ કરતાં પહેલાં, નિર્માતાઓએ તેલુગુ પેઈડ પ્રિવ્યૂનું પણ આયોજન કર્યું હતું જેનાથી નિર્માતાઓને ૪.૧૫ કરોડ રૂપિયા મળ્યા હતા. હનુમાન, ઓછા બજેટમાં, કોઈ મોટા સ્ટાર અને યુવા દિગ્દર્શક ન હોવા છતાં, માત્ર હકારાત્મક શબ્દોના આધારે જબરદસ્ત પ્રદર્શન કરી રહી છે.

બુધવારે ૭ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યા બાદ 'ગુંટૂર કારમ'નું કુલ ડોમેસ્ટિક કલેક્શન ૧૦૧ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. વૈશ્વિક સ્તરે આ ફિલ્મ ૨૦૦ કરોડનો આંકડો વટાવી ચૂકી છે. બુધવારે તેની કમાણીમાં ૩૬%નો ઘટાડો થયો હતો. આ ફિલ્મે રિલીઝ થયા બાદ દરરોજ ૧૦ કરોડથી વધુની કમાણી કરી હતી. ૯૪ કરોડની વર્લ્ડવાઈડ ઓપનિંગ મેળવનારી આ ફિલ્મ મહેશ બાબુની સૌથી વધુ ઓપનિંગ કરનારી ફિલ્મ છે. તેણે પહેલા વીકએન્ડ પર ૬૯ કરોડ ૧૦ લાખ રૂપિયાની કમાણી કરી હતી. તાજેતરમાં મહેશ બાબુએ પોતાના ઘરે ફિલ્મની સક્સેસ પાર્ટીનું આયોજન કર્યું હતું. કેટરિના કૈફ અને વિજય સેતુપતિ સ્ટારર 'મેરી ક્રિસમસ' ફલોપ શ્રેણીમાં આવી શકે છે. ગયા શનિવાર અને રવિવાર સિવાય, અન્ય તમામ કામકાજના દિવસોમાં આ ફિલ્મના




કલેક્શનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. હવે જો તે તેના બીજા વીકએન્ડ પર સારું કલેક્શન નહીં કરે તો તે ફલોપ કેટેગરીમાં આવશે તે લગભગ નિશ્ચિત છે. ધનુષ સ્ટારર 'કેપ્ટન મિલર'ની કમાણી રવિવારથી સતત ઘટી રહી છે. બુધવારે તેણે ૩ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. હવે ૬ દિવસમાં ફિલ્મનું કુલ કલેક્શન ૩૮ કરોડ ૪૩ લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. એક સાથે આટલી બધી ફિલ્મો રિલીઝ થવા છતાં 'કેપ્ટન મિલર' એ વિશ્વભરમાં ૭૨ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. એવી અપેક્ષા છે કે, આ સપ્તાહના અંત સુધીમાં તે વિશ્વભરમાં રૂ. ૧૦૦ કરોડ અને સ્થાનિક સ્તરે રૂ. ૫૦ કરોડના આંકને પાર કરી જશે.



# અદિતિ ભાટિયાએ માલદીવમાં છબછબિયા કરતી તસવીરો શેર કરી

## જો કે વિવાદ પહેલા અભિનેત્રી માલદીવ વેકેશન પર ગઈ હતી, પરંતુ તેણે વિવાદ બાદ તસવીરો શેર કરી હતી

થોડા દિવસો પહેલા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી લક્ષદ્વીપ ગયા અને ત્યાંની કેટલીક સુંદર તસવીરો પોસ્ટ કરી અને પોતાના દેશની આવી વિવિધ જગ્યાઓએ લોકોએ એક્સપ્લોર કરવું જોઈએ, ફરવું જોઈએ અને નવું નવું જાણવું જોઈએ એવી અપીલ કરી હતી. ત્યાર બાદ માલદીવના કેટલાક મંત્રીઓએ પીએમ મોદીની ટીકા કરી અને કહ્યું કે, ભારત ક્યારેય માલદીવની બરોબરી કરી શકે નહીં. આ પછી દેશના સામાન્ય લોકોથી લઈને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સેલેબ્સ અને ક્રિકેટરો સુધી દરેક પોતાના દેશના વડાપ્રધાનના સમર્થનમાં સામે આવ્યા અને સોશિયલ મીડિયા દ્વારા માલદીવનો બહિષ્કાર કરવાનું અભિયાન શરૂ કર્યું. આટલી માથાકૂટ વચ્ચે દેશની એક અભિનેત્રીએ માલદીવમાં છબછબિયા કરતી માદક તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયામાં શેર કર્યો. જે હાલ ખુબ વાયરલ થઈ રહ્યો છે અને લોકો તેને ખુબ ખરાબ રીતે ટ્રોલ કરી રહ્યાં છે. તેની પોસ્ટ પર કોમેન્ટ કરીને યુઝર્સ તેને માલદીવને બદલે લક્ષદ્વીપ જવાની સલાહ આપી રહ્યા છે. તો કેટલાંક યુઝર્સ, તો એવું પણ કહી રહ્યાં છેકે, આવા લોકો જ દેશ સાથે દગો કરી રહ્યાં છે. આ અભિનેત્રી બીજું કોઈ નહીં પણ અદિતિ ભાટિયા છે, જે વિવાહ, શૂટઆઉટ એટ લોખંડવાલા, ધ ટ્રેન, ચાન્સ પે ડાન્સ જેવી ફિલ્મોમાં જોવા મળી છે. જો કે વિવાદ પહેલા અભિનેત્રી માલદીવ વેકેશન પર ગઈ હતી, પરંતુ તેણે વિવાદ બાદ તસવીરો શેર કરી હતી. તસ્વીરો પર વધુ પડતી ટ્રોલિંગ અને કોમેન્ટ્સને કારણે અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ પરથી કેટલીક પોસ્ટ હટાવી દીધી છે, પરંતુ હાલમાં અભિનેત્રી ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવામાં આવતી તસવીરો પર સતત ટ્રોલનો સામનો કરી રહી છે. સોશિયલ મીડિયા યુઝર્સ અભિનેત્રીથી એટલા ગુસ્સામાં છે કે તેઓ તેની પોસ્ટના સ્ક્રીનશોટ લઈને તેને ટ્રોલ કરી રહ્યા છે.

# કરિશ્મા કપૂરને પ્રેગ્નેન્સીમાં સાસુએ મારી હતી થપ્પડ

## જ્યારે તે પીડા સહન કરવાની સીમા પાર કરી ગઈ ત્યારે કરિશ્માએ સંજય કપૂરને છૂટાછેડા આપવાનો નિર્ણય કર્યો



કરિશ્મા કપૂર નેવુંના દાયકાની ટોચની અભિનેત્રીઓની યાદીમાં સામેલ હતી. તે સમય દરમિયાન કરિશ્માનું સ્ટારડમ એટલું વધારે હતું કે દરેક મોટા કલાકાર તેની સાથે કામ કરવા માટે બેતાબ રહેતા હતા. અભિનેત્રીની મોટી ફેન ફોલોઈંગ હતી. પોતાની પ્રોફેશનલ કરિયરમાં ખૂબ જ સફળ રહેલી કરિશ્મા કપૂરની રિયલ લાઈફમાં ઘણા દર્દ છૂપાયેલા છે. તેમણે લગ્ન કર્યા પરંતુ આ લગ્ન તેમના માટે દુ:ખદાયક બની ગયા હતા. ચાલો આજે આ અહેવાલમાં જાણીએ હંમેશા હસતી રહેતી કરિશ્મા કપૂરની રિયલ લાઈફ સ્ટોરી. કરિશ્મા કપૂર પોતાની પ્રોફેશનલ લાઈફમાં જેટલી સફળ રહી છે તેટલી જ તેના અંગત જીવનમાં પણ એટલી જ નિષ્ફળ રહી છે. અભિનેત્રીએ ૨૦૦૩માં બિઝનેસમેન સંજય કપૂર સાથે લગ્ન કર્યા હતા. કરિશ્મા આંખોમાં ઘણાં સપનાં લઈને સાસરે પહોંચી ગઈ હતી, પરંતુ લગ્નની પહેલી જ રાત્રે જ્યારે તેને પતિ સંજય કપૂરની વાસ્તવિકતાની ખબર પડી ત્યારે તેના બધાં સપનાં તૂટી પડ્યાં હતા. કરિશ્મા માટે તેના લગ્ન જીવનની સૌથી મોટી ભૂલ બની ગયા હતા. લગ્ન બાદ કરિશ્મા કપૂરને ખૂબ જ ત્રાસ આપવામાં આવ્યો હતો.અભિનેત્રીએ ખુલાસો કર્યો હતો કે તેના પતિથી લઈને તેના સાસરિયાઓ અને તેના પતિના મિત્રો સુધી બધાએ તેને ખૂબ જ પીડા આપી હતી. કરિશ્મા કપૂરે એકવાર ઈન્ટરવ્યુ દરમિયાન જે રહસ્ય જાહેર કર્યું તે ખરેખર ચોંકાવનારું હતું. વાસ્તવમાં, તેણે એવી વાતો કહી કે કોઈનું પણ દિમાગ સ્તબ્ધ થઈ જાય. કરિશ્માએ ખુલાસો કર્યો હતો કે સંજય કપૂર લગ્ન બાદથી તેની સાથે ખૂબ જ ખરાબ વર્તન કરતો હતો. અભિનેત્રીએ પોતે ખુલાસો કર્યો હતો કે હનીમૂન પર સંજય કપૂરે કરિશ્મા કપૂરને તેના મિત્રો સાથે સૂવા માટે મજબૂર કરી હતી, એટલું જ નહીં, તેણે તેના મિત્રોને કરિશ્મા કપૂર સાથે સૂવાની કિંમત પણ જણાવી હતી. જ્યારે કરિશ્મા કપૂરે ના પાડી તો સંજયે તેને મારવાનું શરૂ કરી દીધું હતું.

# રાઘવજીભાઈ પટેલના હસ્તે ખીમરાણા ગામે નવનિર્મિત મેજરબ્રિજનું લોકાર્પણ કરાયુ

### રૂપારેલ નદી ઉપર રૂ.૩ કરોડ ૩૦ લાખના ખર્ચે બ્રિજ નિર્માણ પામતા ગ્રામજનોની સુવિધામાં ઉમેરો થયો

। (માહિતી) જામનગર, તા.૧૯ ।

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જામનગર તાલુકાના ખીમરાણા ગામે રૂપારેલ નદી ઉપર નવનિર્મિત મેજરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ.૩ કરોડ ૩૦ લાખના ખર્ચે ૧૨ મીટરના ૭ ગાળાનો મેજરબ્રીજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનાવવામાં આવ્યો છે.



આ તકે કેબીનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોને મદદરૂપ થવા માટે સરકાર મક્કમતાથી કામગીરી કરી રહી છે. ચોમાસાના સમય દરમિયાન નદીનું પાણી ગામમાં આવી જતા ગ્રામજનોને મુશ્કેલીઓ થતી હતી તેનો અંત આવ્યો છે. ગામડાના લોકોની સુવિધાઓમાં વધારો કરવા સરકાર અવિરત કામગીરી કરી રહી છે. સરકારની ખેડૂતો માટે અતિ મહત્વની એવી સૌની યોજના થકી ખીમરાણા સહિત સૌરાષ્ટ્રના ડેમોમાં નર્મદા નદીનું પાણી ઠાલવવામાં આવે છે જેના થકી ખેડૂતભાઈઓ બે સિઝનનો લાભ લઈ શકે છે અને તેમની આવકમાં વધારો થતાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું ખેડૂતોની આવક બમણી કરવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.

ખિમરાણા ગામે મેજર બ્રિજ નિર્માણ પામતાં આજુબાજુના લોકોને પણ પુરતા પ્રમાણમાં લાભ મળી રહે છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મેયબેન ગરચર, બાંધકામ સમિતિના ચેરમેન શ્રીમતી પ્રવિણાબેન, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી હસમુખભાઈ કણજારીયા, જિલ્લા પંચાયતના સભ્યશ્રી નંદલાલભાઈ, તાલુકા પંચાયતના સભ્યશ્રી કાંતિભાઈ, અગ્રણીઓ તેમજ ગ્રામજનો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહવાન હેઠળ પંચમહાલ જિલ્લાના પવિત્ર યાત્રાધામ પાવાગઢ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

। (માહિતી બ્યુરો) ગોધરા, તા.૧૯ ।

અયોધ્યા ખાતે ભગવાનશ્રી રામના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો પવિત્ર અવસર આગામી તા.૨૨મી જાન્યુઆરીના રોજ યોજાનાર છે. જે સંદર્ભે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરના તમામ નાના મોટા ધર્મસ્થાનો ખાતે સાર્વત્રિક રીતે સંપૂર્ણ સાફ સફાઈ હાથ ધરવા આહવાન કર્યું છે.



જે અંતર્ગત આજરોજ પંચમહાલ જિલ્લા કલેકટરશ્રી આશિષ કુમારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ''સ્વચ્છતા ત્યાં પ્રભુતા'' સુત્રને સાર્થક કરતા સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે પવિત્ર યાત્રાધામ પાવાગઢ ખાતે સ્વચ્છતાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તમામ લોકોએ હાથમાં ઝાડુ લઈને યાત્રાધામ પાવાગઢને સ્વચ્છ બનાવવા સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી.પાવાગઢ સ્થિત દુધિયા તળાવ ખાતે આજરોજ સવારે ૧૦ વાગ્યે સ્વચ્છતા અભિયાન શરૂ કરાયું હતું. અહીં ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં ધાર્મિક સ્થળોના સ્વચ્છતા અભિયાન અંતર્ગત આગામી તા.૨૨ જાન્યુઆરી સુધી વિવિધ ધાર્મિક સ્થળોની સાફ સફાઈ હાથ ધરવામાં આવશે. આજના કાર્યક્રમમાં હાલોલ પ્રાંત અધિકારીશ્રી પ્રણવ વિજ્ઞાણી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક કવિતાબેન, મામલતદારશ્રી બી.એમ.જોશી, કાર્યપાલક ઈજનેરશ્રી પી.આર. ચૌધરી, શ્રીમતી મિતાબેન મેવાડા, હાલોલ તાલુકા પંચાયત પ્રમુખશ્રી કનુભાઈ રાઠોડ, તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ મહેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા અગ્રણી અરવિંદસિંહ પરમાર, પ્રવીણભાઈ પરમાર, રમેશભાઈ પરમાર સહિત વિવિધ કર્મચારીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### ગીર સોમનાથ જિલ્લામાં રોડ સેફ્ટી મન્થની ઉજવણી

# આરટીઓ તેમજ પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે ટ્રાફિક અવેરનેસ, સેમિનાર, ટ્રેનિંગ સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાશે

। (માહિતી બ્યુરો) ગીર સોમનાથ, તા.૧૯ ।

જિલ્લા કલેક્ટરશ્રી એચ.કે.વઢવાણિયાના વડપણ અને પોલીસ અધિક્ષક શ્રી મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ આરટીઓ તેમજ પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે ગીર સોમનાથ જિલ્લામાં તા.૧૫ જાન્યુઆરીથી તા.૧૪ ફેબ્રુઆરી સુધી રોડ સેફટીમન્થની ઉજવણી કરાશે. જે અંતર્ગત તા.૧૫ જાન્યુઆરીના રોજ પ્રભાસ પાટણ ખાતે આરટીઓ, પોલીસ તથા રોડ એજન્સીના અધિકારીઓ દ્વારા બસ, ટ્રક, રિક્ષા એસોસિએશનના સભ્યો તથા નગરજનોની હાજરીમાં ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો હતો.



રોડ સેફ્ટી મન્થની ઉજવણી દરમિયાન રેડિયમ રિફ્લેકટરનું વિતરણ, અલગ અલગ કંપનીના ડ્રાઈવરો તથા એસટીના ડ્રાઈવરોને ટ્રેનિંગ, શાળા-કોલેજો ખાતે વિદ્યાર્થીઓમાં ટ્રાફિક અવેરનેસ માટે સેમિનાર, ધાર્મિક સ્થળોએ આવતા ભક્તોને રોડ સેફટી વિશે જાગૃતિ તથા રોડ સેફટી રેલી, ડ્રાઈવર ભાઈઓ માટે ફ્રી મેડિકલ ચેકઅપ સહિત રોડ સેફટીને લગતા વિવિધ કાર્યક્રમો યોજાશે. એઆરટીઓ શ્રી વાય.એચ.સરવૈયા તેમજ રોડ સેફટી નોડલ શ્રી એચ.એમ.ગોહિલની દેખરેખ હેઠળ જિલ્લાની જાહેરજનતામાં રોડ સેફટી વિષયક જાગૃતિ આવે અને અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થાય એવા શુભહેતુસર સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

## નડિયાદ નગરપાલિકા પ્રાથમિક શાળા નંબર ત્રણમાં જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા બાળકોના કાયદાઓ વિશે જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો




। (માહિતી) નડિયાદ, તા.૧૯ ।

નડિયાદ નગરપાલિકા પ્રાથમિક શાળા નંબર ત્રણમાં તા. ૧૭-૦૧-૨૦૨૪ના રોજ જિલ્લા બાળ સુરક્ષા એકમ નડિયાદ દ્વારા જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં ડો. અલકા રાવલ, પ્રોટેકશન ઓફિસર દ્વારા બાળકોના કાયદાઓ જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ તથા પોકસો એક્ટ ૨૦૧૨, વ્યસન મુક્તિ અને બાળકોની સરકારી યોજનાઓની સમજ આપી હતી. આ જાગૃતિ કાર્યક્રમમાં ૨૦૦ જેટલા બાળકો તથા સ્કૂલના આચાર્ય મનિષાબેન તથા શાળાના શિક્ષકો હાજર રહ્યા હતા.

## સુબિર તાલુકાના પીપલદહાડ ગામે યોજાયો 'સેવા સેતુ' કાર્યક્રમ

। (માહિતી) જામનગર, તા.૧૭ ।

ગત તા.૫ મી જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ સુબિર તાલુકાના 'શિંગાણા' ગામેથી રાજ્ય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગ તેમજ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિની ઉપસ્થિતિમાં શરૂ કરાયેલા 'સેવા સેતુ' કાર્યક્રમની શ્રુંખલાનો વધુ એક કાર્યકર્મ, તાજેતરમાં સુબિર તાલુકાના 'પીપલદહાડ' ગામે યોજાયો હતો. પીપલદહાડ ગામ સહિત લવચાલી, ગાયગોઠણ, પાદલખડી, ચીખલી, ખાંભલા, ગુરુડીયા, મોહપાડા, બીજુરપાડા, બરડા, આમસરપાડા, પિપલદહાડ, જોગથવા, ભોંડવિહિર, બેહડુન, જામનસોંઢા, સાવરપાડા, ગૌહાણ, આમથવા, કિરલી, પોળસમાળ, કાકડ-વિહિર, દહેર, ઉગા, ધાણા, હનવતપાડા, કરંજડા, ઘુબડીયા, જારસોળ, પિપલાઈદેવી, વડપાડા, બોકળમાળ, હિંદળા, પિપલપાડા, ગારખડી, સાતબાબલા, ચીચપાડા, ઘાણીઆંબા, ઝરી, જામન્યા, આહિરપાડા, નકટયાહનવત, બીબુપાડા, કેળ, બરડીપાડા (ન.૨), બદીનાગાંવઠા, માળગા, ઢોલ્યાઉંબર, આંબુર, બીલબારી, ડુમર્યા, શેપુઆંબા, કરંજપાડા, શિવબારા, પાંઢરપાડા, લહાનઝાડદર, મોટીઝાડદર, ચિંચવિહિર, સાવરદા, ખેરીન્દ્રા, જુન્નેર, ચમારપાડા, અને ખાજુર્ણા જેવા આસપાસના ગામોના ગ્રામજનો માટે સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી સરકારના વિવિધ વિભાગોની ૫૬ પ્રકારની સેવાઓ ઘર આંગણે જ ઉપલબ્ધ કરાવવામા આવી હતી. આ તમામ સેવાઓની કુલ-૪૫૨૭ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામા આવ્યો હતો.

## ૨૪ જાન્યુઆરી એ વિધાનસભામાં ઉજવાશે રાષ્ટ્રીય બાલિકા દિવસ



। (માહિતી) ગાંધીનગર, તા.૧૯ ।

વિધાનસભા ગૃહમાં ધારાસભ્યોની જેમ બાલિકાઓ ચલાવશે વિધાનસભા ગૃહનીકાર્યવાહી.બાલિકાવિધાનસભાકાર્યક્રમમાંમુખ્યમંત્રીશ્રીભુપેન્દ્રભાઈ પટેલે રહેશે ઉપસ્થિત. રાજનીતિ ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધે અને જાગૃતતા આવે તે માટે યોજાશે બાલિકા વિધાનસભા : અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, લોકશાહીની સંસદીય પ્રણાલી વિધાર્થીઓ અને નાગરિકો સુધી પોહ્ચે તે હેતુથી બાલિકાઓ માટે વિધાનસભાનું વિશેષ આયોજન : અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી.

# કપડવંજના કોસમ ગામે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ લાભાર્થીઓને કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો

### કપડવંજના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા અને મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણના વરદ હસ્તે લાભાર્થીઓને ચાપ કટર કીટનું વિતરણ કરાયું

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૧૯ ।

કપડવંજ તાલુકાના કોસમ ગામે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના વોટર સેડ કોમ્પોનન્ટ, પ્રોડક્શન સિસ્ટમ અને માઈક્રો એન્ટર પ્રાઈઝ હેઠળ લાભાર્થીઓને ચાપ કટર કીટનું વિતરણ કપડવંજ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા તથા મહેમદાવાદના ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણના વરદ હસ્તે કરવામાં આવ્યું હતુ.



આ પ્રસંગે પ્રસંગે કપડવંજના ધારાસભ્યશ્રી રાજેશભાઈ ઝાલાએ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ હેઠળ આતરસુંબા, કોસમ, વાધાવત, નિકોલ, પુનાદરા, વાધજીપુર, ફુલજીના મુવાડા બોભા અને તેલનાર સહિતના ગામોમાં સરકારશ્રી દ્વારા વોટરસેડ યોજના હેઠળ અંદાજે છ કરોડથી વધુના કામો મંજુર કરી કામગીરી પ્રગતિમાં હોવાનું જણાવ્યું હતુ.

તેઓએ વધુમાં વિસ્તારના તમામ બાકી વિકાસકામો સત્વરે પૂર્ણ કરવાની અને સતત પ્રજાજનોની વચ્ચે રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી, આગમી લોકસભા ચૂંટણીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ત્રીજી વખત જંગી બહુમતિથી વિજયી બનાવવા ઉપસ્થિત સર્વે લાભાર્થીઓને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને મહેમદાવાદના ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણે પણ પ્રસંગોચિત ઉદબોધનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણ કારી યોજનાઓની માહિતી આપી, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાંથી રહેલ સર્વાંગી વિકાસની વિસ્તૃત રૂપરેખા રજુ કરી આગામી લોકસભા ચૂંટણીમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સહયોગ કરવા સર્વેને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ મંત્રી શ્રી ધૂળસિંહ સોલંકી, જિલ્લા મંત્રી અને કપડવંજ એપીએમસી ચેરમેન શ્રી ધવલભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, ખેડા જિલ્લા કિસાન મોર્ચાના પ્રમુખ શ્રી ચિમનભાઈ પટેલ, જિલ્લા બક્ષીપંચ મોર્ચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા, પૂર્વ પ્રમુખ શ્રી મુળરાજસિંહ સોલંકી, એપીએમસી પૂર્વ ચેરમેન શ્રી નિલેશભાઈ પટેલ, સરપંચ એસોશિયેશન પ્રમુખ શ્રી રૂપસિંહ પરમાર, કોસમ સરપંચશ્રી કિસનસિંહ ઝાલા, ધોળાકુવા સરપંચ શ્રી રણજીતસિંહ ઝાલા, પુનાદરા સરપંચ શ્રી પી.ડી. ઝાલા, નિકોલ સરપંચ શ્રી કાળાજી પરમાર, કઠલાલ તાલુકા ભાજપ મહામંત્રી શ્રી અલ્પેશસિંહ ઝાલા, શ્રી રશ્મિનભાઈ શાહ, પૂર્વ તાલુકા પ્રમુખ શ્રી એમ.ટી. ઝાલા, શ્રી પી.ટી. ઝાલા, શ્રી જયદીપ સિંહ ઝાલા, કોસમ ઉપ સરપંચ શ્રી મનુસિંહ સોલંકી તેમજ અધિકારીશ્રીઓ, સરપંચશ્રીઓ, આગેવાનો, લાભાર્થીઓ તથા ગ્રામજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કપડવંજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી એમ.ટી. ઝાલાએ કર્યું હતું.

# સેવાસેતુ કાર્યક્રમમાં ૪૫૦૦૦ કરતા વધુ અરજીઓનો હકારાત્મક નિકાલ કરતું ગીર સોમનાથ વહીવટી તંત્ર

### ૧૯ જેટલા સેવાસેતુ દ્વારા લોકોને અપાયો સરકારની વિવિધ સેવાઓનો લાભ

। (પ્રતિનિધી) ગીર સોમનાથ, તા.૧૯ ।

ગીર સોમનાથ જિલ્લા કલેકટર શ્રી એચ. કે.વઢવાણિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સરકારની વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ પ્રજાજનોને તેઓના રહેઠાણના નજીક સ્થળ પર તે જ દિવસે પ્રાપ્ત કરી શકે તેવા ઉમદા હેતુથી જિલ્લામાં સેવા સેતુ કાર્યક્રમનો નવમા તબક્કાનુ આયોજન કરાયુ છે. જે અંતર્ગત જિલ્લામાં તાલુકામાં ગ્રામ્ય અને નગરપાલીકા સ્તરે નિયત કરેલા વિવિધ સ્થળોએ કુલ ૧૯ જેટલા સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા વિવિધ સેવાઓ માટે ૪૫૦૦૦ હજાર કરતા વધુ અરજીઓ મળી હતી તેમનો હકારાત્મક નિકાલ કર્યો હતો. જેમાં ઉના, ગીર ગઢડા, તાલાલા, વેરાવળ, સુત્રાપાડા, કોડીનાર તાલુકામાં ગ્રામ્ય સ્તરે અને નગરપાલિકા સ્તરે ૧૯ જેટલા સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જે અંતર્ગત લોકોએ સેવાસેતુ કાર્યક્રમના માધ્યમ થકી હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીઝ અને બી.પી. ની ચકાસણી), ભીમ એપ, પી.એમ. જે.વાયમાં (અરજી), મિલકત આકારણીનો ઉતારો, મેડીસીન સારવાર, આધાર કાર્ડ, રાશન કાર્ડમાં નામ દાખલ કરવું,રસીકરણ,બસ કન્સેસન પાસ – સામાન્ય લોકો માટે,જાતિ પ્રમાણપત્ર (અનુસૂચિત જાતિ),રાશન કાર્ડમાં નામમાં સુધારો કરવો,પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના,રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના,વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર,રાશન કાર્ડમાં નામ કમી કરવું, ઘરેલું નવા વીજ જોડાણ (અરજી), મોબાઈલ નંબર સાથે બેંક એકાઉન્ટનું જોડાણ, પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના,આવકનો દાખલો,નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર,સાતબાર/આઠ-અના પ્રમાણપત્રો, બસ કન્સેસન પાસ - સિનિયર સીટીઝન માટે,રેવન્યુ રેકર્ડ માટે 'વારસાઈ અરજી, વિધવા સહાય,અટલ પેન્શન યોજના, આધાર કાર્ડનું બેંક એકાઉન્ટ સાથે જોડણ,જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું, નવું બેંક એકાઉન્ટ ખોલાવવું સહિતની સેવાઓનો લાભ લીધો હતો.



## વિસાવદર તાલુકાનાં સરસઇ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને કુમકુમ તિલક કરી ગ્રામજનો દ્વારા સ્વાગત

। (માહિતી) જૂનાગઢ, તા.૧૯ ।

પ્રત્યેક વ્યક્તિ સુધી સરકારના યોજનાકિય પહોંચાડીને વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશ્યથી નિકળેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાને વિસાવદરનાં સરસઈ ગામે ગ્રામજનોએ ઉત્સાહભેર આવકારી હતી. આ પ્રસંગે સંસદ સભ્યશ્રી રાજેશભાઈ ચુડાસમાએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યુ કે, ભારત અમૃતકાળમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણ માટેનું વિઝન પ્રસ્તુત કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બની રહ્યુ છે. જનકલ્યાણકારી ૧૭ જેટલી યોજનાઓને આવરીને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ ગામે ગામ પહોંચીને યોજનાનાં લાભોથી વંચિત અંત્યોદને વિકાસની ધુરામાં સહભાગી બનાવવામાં સિધ્ધ રહ્યો છે, આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જન કલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ સાર્થક બની રહ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે. વળી, આ લતમાંથી છૂટવા માટે આ સમય યોગ્ય પણ છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી બીમારી અંગે ચર્ચા કરવાનું ટાળો. બીમારી તરફથી તમારૂં ધ્યાન અન્યત્ર દોરવા તમારી જાતને કોઈક કામમાં પરોવો કેમ કે તમારી બીમારી વિશે તમે જેટલી વધારે વાતો કરશો એટલી જ તે વધુ વકરશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે.

**રામલલાના દર્શન માટે યાત્રિકોનો વધતો ધસારો । આણંદનો અગસ્તસ્ય ૭૨ દિવસનો પ્રવાસ ખેડીને અયોધ્યા પહોંચ્યો : કોઈએ સ્કેટિંગ કરીને હજારો કિમીનો પ્રવાસ ખેડ્યો**

# કોઈ વાહન લઈને અયોધ્યા આવી રહ્યું છે, તો કોઈ દંડવત પ્રણામ કરતા

। (એજન્સી) અયોધ્યા, તા.૧૯ ।

અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો અવસર સમગ્ર દેશ માટે તહેવાર બન્યો છે. અયોધ્યા દેશ દુનિયાના યત્રિકોનું ઠેકાણું બની છે. માહોલ એવો છે કે કોઈને પણ અહીં રહેવું ગમી જાય, ૨૨મી તારીખ નજીક આવતાં યાત્રિકોનો ધસારો વધી રહ્યો છે. લોકોની આસ્થા રંગ લાવી રહી છે..

રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના અવસરને આડે હવે ગણતરીના કલાકો બાકી છે, ત્યારે રામનગરીમાં આ ઐતિહાસિક અવસર માટે માહોલ જામી ગયો છે. રામલલાના દર્શન માટે બહારથી આવતા યાત્રિકોનો ધસારો વધી રહ્યો છે. કોઈ વાહન લઈને અયોધ્યા આવી રહ્યું છે, તો કોઈ દંડવત પ્રણામ કરતા પ્રભુ શ્રી રામના દર્શન કરવા આગળ વધી રહ્યું છે. તો કોઈએ સ્કેટિંગ કરીને હજારો કિલોમીટરનો પ્રવાસ ખેડ્યો છે. રસ્તા પર દંડવત કરીને રામ મંદિર તરફ આગળ વધતો આ વ્યક્તિ યુપીના સહારનપુરનો વતની છે. અયોધ્યા પહોંચ્યા બાદ તેમણે સરયૂ નદીના દર્શન કર્યા અને ત્યાંથી દંડવત કરતા રામ જન્મભૂમિ મંદિર સુધી પહોંચ્યો હતો. રસ્તા પર આસપાસથી વાહનો પસાર થતા રહ્યા પણ આ વ્યક્તિ પોતાની આસ્થા માટે રસ્તા પર દંડવત કરીને આગળ વધતો રહ્યો.

રામનગરીના માર્ગો પર સ્કેટિંગ કરી રહેલા આ યુવકે કંઈક એવું કહ્યું છે, જે અવિશ્વસનીય છે. ગુજરાતના આણંદનો અગસ્તસ્ય ૭૨ દિવસનો પ્રવાસ ખેડીને અયોધ્યા પહોંચ્યો છે. આ પ્રવાસ તેણે કોઈ વાહનમાં નહીં પણ સ્કેટિંગ કરીને ખેડ્યો છે.

આ વાત અવિશ્વસનીય લાગશે, પણ સાચી છે. ૭૨ દિવસ પહેલા યુવકે તમિલનાડુના રામસેતુથી પ્રવાસ શરૂ કર્યો હતો. ત્યાંથી તે ભગવાન રામના વનવાસના રૂટ પર સ્કેટિંગ કરતા અયોધ્યા સુધી આગળ વધતો રહ્યો. ચાર હજાર ૫૩૨ કિલોમીટરનું અંતર કાપીને છેવટે તે અયોધ્યા પહોંચી ગયો છે..રામ લલાના દર્શન કરીને યુવકે પોતાનો પ્રવાસ સાર્થક કર્યો. અગસ્તસ્યને આ માટે અગાઉના સ્કેટિંગ પ્રવાસ કામ લાગ્યા છે.

અયોધ્યા સુધીના માર્ગમાં અગસ્તસ્યને ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો, પણ તે પોતાનો સંકલ્પ પૂર્ણ કરવા મક્કમ હતો. રસ્તામાં સ્થાનિકો અને હિંદુ સંગઠનોએ પણ તેને જરૂરી મદદ પૂરી પાડી. અયોધ્યા આવતા શ્રદ્ધાળુઓ જુદી જુદી વેશભૂષા પણ ધારણ કરી રહ્યા છે. આ મહાશયને જોઈને તમે સમજી ગયા હશો કે તે કોના ગેટઅપ માં છે...તેમનું નામ છે રણજીત રાજપૂત, મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના રણજીત શિવસેનાના સ્થાપક બાલ ઠાકરેથી પ્રભાવિત છે, કેમ કે બાલ ઠાકરે પણ રામ મંદિર નિર્માણ આંદોલનમાં સામેલ હતા. રણજીત પોતે પણ રામ મંદિર નિર્માણ આંદોલન સાથે જોડાયેલા રહ્યા હોવાનો દાવો કરે છે. આ જ કારણ છે કે તેઓ બાલ ઠાકરેનો વેશ ધારણ કરીને લોકોને રામ લલાના દર્શન કરવા અપીલ કરી રહ્યા છે..બાલ ઠાકરેની વાતો અને જૂના અનુભવોને શેર કરી રહ્યા છે.

## ઈરાનમાં જેમને નિશાન બનાવ્યા તેમણે છેડી દીધું યુદ્ધ



। (એજન્સી) તહેરાન, તા.૧૯ ।

ઈરાન અને પાકિસ્તાન દ્વારા એક બીજા પર કરાયેલી એરસ્ટ્રાઈકે વિસ્તારમાં નવો તણાવ પેદા કર્યો છે. મંગળવારે ઈરાને સરહદી વિસ્તાર બલુચિસ્તાન-સિસ્તાનમાં મિસાઈલથી હુમલો કર્યો અને આતંકી સમૂહ જૈશ અલ અદલને નિશાન બનાવ્યું. જવાબી હુમલામાં પાકિસ્તાની વાયુ સેનાએ ગુરુવારે ઈરાનના સરહદી વિસ્તાર સિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરીને બલોચ વિદ્રોહીઓ અને અલગાવવાદીઓના ઠેકાણાઓ પર હુમલા કર્યા. તેનાથી ધૂંઆફૂંઆ થયેલા અલગાવવાદીઓએ પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધ છેડવાની જાહેરાત કરી દીધી છે. પાકિસ્તાને ઈરાની ભૂ ભાગમાં જે સંગઠનો પર હુમલા કર્યા છે તેમાં બલોચિસ્તાન લિબરેશન આર્મી (BLA) અને બલોચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) સામેલ છે. બીએલએએ એક નિવેદન બહાર પાડીને કહ્યું કે ઈરાનના સિસ્તાન-બલોચિસ્તાન વિસ્તારમાં પાકિસ્તાનના હુમલામાં અનેક લોકો માર્યા ગયા છે. આથી પાકિસ્તાને તેની ભારે કિંમત ચૂકવવી પડશે. આ સમૂહે ચેતવણી આપી છે કે હવે બલુચ લિબરેશન આર્મી ચૂપ નહીં બેસે. અમે તેનો બદલો લઈશું અને અમે પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરીએ છીએ. બલુચિસ્તાનનો અર્થ છે બલુચોની ભૂમિ. આ એક દેશ નહીં પરંતુ પશ્ચિમ પાકિસ્તાનનો એક પ્રાંત છે. ક્ષેત્રફળના મામલે તે પાકિસ્તાનનો સૌથી મોટો પ્રાંત છે. ક્વેટા તેની રાજધાની અને સૌથી મોટું શહેર છે. ૧૯૪૭માં જ્યારે પાકિસ્તાન ભારતથી અલગ થયું અને એક આઝાદ દેશ બન્યો ત્યારે આ વિસ્તાર પણ પાકિસ્તાનમાં સામેલ કરી લેવાયો. બલુચિસ્તાનીઓનો આરોપ છે કે તેઓ એક અલગ દેશની માંગણી કરી રહ્યા હતા પરંતુ જબરદસ્તીથી તેમને પાકિસ્તાનમાં ભેળવી દેવાયા. ત્યારબાદથી ત્યાંના લોકોની સાથે પાકિસ્તાન સરકારનો સંઘર્ષ ચાલુ છે. બલુચિસ્તાનની આઝાદીની માંગણી કરનારા અનેક અલગાવવાદી સમૂહ વિસ્તારમાં સક્રિય છે. તેમાંથી એક અલગાવવાદી જૂથ છે બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA), જે વિસ્તારમાં વર્ષ ૨૦૦૦થી સક્રિય છે. એવું માનવામાં આવે છે કે આ સંગઠનનું અસ્તિત્વ પહેલીવાર ૧૯૭૦ના દાયકામાં જોવા મળ્યું. જ્યારે ઝુલ્ફિકાર અલી ભુટ્ટોની સરકારે બલુચો પર દમન શરૂ કર્યું તો બલુચોએ સશસ્ત્ર બગાવત શરૂ કરી દીધી. બાદમાં સૈન્ય તાનાશાહ ઝિયાઉલ હકે તે બળવાને દબાવી દીધો અને વાતચીત દ્વારા બલોચ નેતાઓને મનાવી લીધા પરંતુ આગ અંદર ધધકતી રહી.

## શહેરોમાં પ્રોપર્ટીના વધતા ભાવ વચ્ચે ડિમાન્ડમાં ઘટાડો

**તાજેતરના એક રિપોર્ટ અનુસાર દેશના મોટા શહેરોમાં પ્રોપર્ટીના ભાવમાં છેલ્લા એક વર્ષમાં લગભગ ૧૯ ટકાનો વધારો થયો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

હાલ દેશના અનેક શહેરોમાં પ્રોપર્ટીના વધતાં ભાવ વચ્ચે એક મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, તમારું પોતાનું ઘર અથવા મિલકત ખરીદવું દરેક પસાર થતા દિવસ સાથે મુશ્કેલ બની રહ્યું છે. તેનું કારણ એ છે કે દેશભરમાં પ્રોપર્ટીના ભાવમાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે. તાજેતરના એક રિપોર્ટ અનુસાર દેશના મોટા શહેરોમાં પ્રોપર્ટીના ભાવમાં છેલ્લા એક વર્ષમાં લગભગ ૧૯ ટકાનો વધારો થયો છે.



મેજિકબ્રિક્સ પ્રોપઈન્ડેક્સ રિપોર્ટની આ આવૃત્તિ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે એટલે કે ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૩ સુધીના ત્રણ મહિના માટે છે. રિપોર્ટ અનુસાર ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન દેશના ૧૩ મોટા શહેરોમાં પ્રોપર્ટીના ભાવ વાર્ષિક ધોરણે ૧૮.૮ ટકા વધ્યા છે. આનો અર્થ એ થયો કે ડિસેમ્બર ૨૦૨૨ ક્વાર્ટરની સરખામણીમાં ડિસેમ્બર ૨૦૨૩ ક્વાર્ટરમાં કિંમતોમાં ૧૮.૮ ટકાનો વધારો થયો છે. ત્રિમાસિક ધોરણે પ્રોપર્ટીના ભાવમાં ૩.૯૭ ટકાનો વધારો થયો છે.

આ રિપોર્ટ અનુસાર ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન દેશના મોટા શહેરોમાં ગુરુગ્રામમાં કિંમતોમાં સૌથી વધુ વધારો થયો છે. ગુરુગ્રામમાં એક વર્ષમાં પ્રોપર્ટીના ભાવમાં ૩૨.૧ ટકાનો વધારો થયો છે. ગ્રેટર નોઈડા ૩૧ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે બીજા સ્થાને છે અને નોઈડા ૨૬.૧ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે ત્રીજા સ્થાને છે. આ સમયગાળા દરમિયાન હૈદરાબાદમાં પ્રોપર્ટીના ભાવમાં વાર્ષિક ધોરણે ૧૫.૮ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન કિંમતોમાં જબરદસ્ત વધારો થયો છે, ત્યારે માંગમાં કોઈ સમાંતર વધારો થયો નથી. રિપોર્ટ અનુસાર એક વર્ષ અગાઉના સમાન સમયગાળાની સરખામણીએ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં પ્રોપર્ટીની માંગમાં માત્ર ૨ ટકાનો વધારો થયો છે.

ત્રિમાસિક ધોરણે માંગમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. તે મુજબ માંગમાં ૧૬.૯ ટકાનો ઘટાડો થયો છે. માંગમાં ઘટાડો થવાનું મુખ્ય કારણ ભાવમાં થયેલો જંગી વધારો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ત્રીજા ક્વાર્ટર દરમિયાન મોટા શહેરોમાં પ્રોપર્ટીની કિંમતો ઝડપથી વધી હતી, જેના કારણે માંગમાં મોટો ઘટાડો થયો હતો. ડિસેમ્બર ક્વાર્ટરમાં રહેણાંક મિલકતનો એકંદર પુરવઠો એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૬.૯ ટકા ઘટ્યો હતો. સપ્લાયમાં વધારો માત્ર મુંબઈ અને હૈદરાબાદમાં નોંધાયો હતો. ત્રીજા ત્રિમાસિક ગાળા દરમિયાન આ બે શહેરોમાં રહેણાંક મિલકતોના પુરવઠામાં અનુક્રમે ૪.૨ ટકા અને ૦.૪ ટકાનો વધારો થયો છે.

## ઈરાન-પાકિસ્તાન વચ્ચેના તણાવથી અમેરિકા ચિંતિત

**યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું કે, મામલો વધારવાની કોઈ જરૂર નથી, સંયમ રાખવા વનંતી કરી**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

ઈરાન અને પાકિસ્તાન વચ્ચેના તણાવથી અમેરિકા ચિંતિત છે અને તેણે તમામ પક્ષોને સંયમ રાખવાની વિનંતી કરી છે. વાત જાણે એમ છે કે, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે ગુરુવારે કહ્યું કે, આ મામલો વધારવાની કોઈ જરૂર નથી. તેમણે કહ્યું કે, અમેરિકાએ પાકિસ્તાન અને તેના પડોશીઓ વચ્ચે સહકારી સંબંધોના મહત્વ વિશે પાકિસ્તાન સરકારના નિવેદનની નોંધ લીધી છે. ઈરાન અને પાકિસ્તાન વચ્ચેની સ્થિતિને અમેરિકી વહીવટીતંત્ર કેવી રીતે જુએ છે તેવા પ્રશ્નના જવાબમાં મિલરે કહ્યું કે, અમે આ ક્ષેત્રમાં વધી રહેલા તણાવને લઈને ચિંતિત છીએ. આ એવી વસ્તુ છે જેના વિશે આપણે ઘણી વખત વાત કરી છે, અમે આના પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું કે, અમે તણાવને રોકવા માટે સઘન રાજદ્વારી પ્રયાસો કરી રહ્યા છીએ. અમે પાકિસ્તાન અને તેના પડોશીઓ વચ્ચે સહકારી સંબંધોના મહત્વ પર પાકિસ્તાન સરકારની સ્થિતિની નોંધ લીધી છે. અમને



લાગે છે કે તેણે ઉપયોગી નિવેદનો આપ્યા છે અને ચોક્કસપણે ત્યાં તણાવ વધારવાની કોઈ જરૂર નથી. અમે તમામ પક્ષોને આ મામલે સંયમ રાખવા વિનંતી કરીશું. જ્યારે મીડિયા રિપોર્ટ્સ વિશે પૂછવામાં આવ્યું હતું જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ઈરાનમાં હુમલા કરતા પહેલા પાકિસ્તાને યુએસ સાથે સલાહ લીધી હતી, મિલરે કહ્યું કે મારી પાસે આવી કોઈ માહિતી નથી. અમે માનતા નથી કે આ કોઈપણ રીતે આકાર અથવા સ્વરૂપમાં આગળ વધવું જોઈએ. પાકિસ્તાન અમેરિકાનું મુખ્ય બિન-નાટો સહયોગી છે અને અમે આ મામલે સંયમ રાખવાની વિનંતી કરીશું. મેથ્યુ મિલરે ઈરાનને હિઝબુલ્લાહનો મુખ્ય ફાઈનાન્સર અને હમાસનો સમર્થક ગણાવ્યો હતો.

મીડિયા અહેવાલો અનુસાર ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) એ ઈરાકના કુર્દીસ્તાન ક્ષેત્રમાં ઈઝરાયલી જાસૂસ મુખ્યાલય અને સીરિયામાં કથિત આઈએસઆઈએસ સાથે જોડાયેલા લક્ષ્યાંકો પર મિસાઈલ છોડ્યા પછી પાકિસ્તાનમાં ઈરાનના હુમલાઓ આવ્યા છે. મેથ્યુ મિલરે કહ્યું કે, તમે ઈરાનને હમાસના મોટા સમર્થક તરીકે જોયો છે. તે હિઝબોલ્લાહ અને હુથી બળવાખોરોના મુખ્ય ફાઈનાન્સરોમાંનો એક છે. પ્રાદેશિક અસ્થિરતા વધારવા માટે ઈરાને જે પગલાં લીધાં છે તેના પરિણામો અમે જોયા છે. પાકિસ્તાન અમેરિકાનું મુખ્ય બિન-નાટો સહયોગી છે. અમે તેમને આ મામલે સંયમ રાખવા વિનંતી કરીશું. તેમણે કહ્યું કે, અમે તણાવ વધતો જોવા માંગતા નથી અને અમને નથી લાગતું કે તેને વધવાની જરૂર છે.

## બ્રિટનની સંસદમાં ઉઠ્યો કાશ્મીરી પંડિતોનો મુદ્દો

। લંડન, તા.૧૯ ।

ત્રણ બ્રિટિશ સાંસદોએ કાશ્મીરી પંડિત સમુદાયને ન્યાય આપવા માટે ભારત સરકાર સમક્ષ માંગ કરતો ઠરાવ રજૂ કર્યો અને બ્રિટિશ સરકારને આ નરસંહારના પીડિતોની તરફેણમાં પ્રતિબદ્ધતા વ્યક્ત કરવા વિનંતી કરી. આ દરખાસ્ત અર્લી ડે મોશન તરીકે આવી છે, એટલે કે ૧૯ જાન્યુઆરી, જેને કાશ્મીરી પંડિતો ૧૯૯૦માં પાકિસ્તાન-પ્રાયોજિત આતંકવાદીઓ દ્વારા ધમકીઓ અને હત્યાઓને કારણે કાશ્મીર ખીણમાંથી તેમના સમુદાયના હિજરતની યાદમાં દેશનિકાલ દિવસ તરીકે ઉજવે છે. યુકે પાર્લામેન્ટની વેબસાઈટ પર ઉપલબ્ધ અર્લી ડે મોશન અનુસાર, કન્ઝર્વેટિવ પાર્ટીના સાંસદ બોબ બ્લેકમેન, ડેમોક્રેટિક યુનિયનિસ્ટ પાર્ટીના નેતા જિમ શેનન અને લેબર પાર્ટીના નેતા વીરેન્દ્ર શર્માએ ૨૦૨૩-૨૪ માટે ભારતમાં જમ્મુ અને કાશ્મીર માટે મતદાન કર્યું છે. કાશ્મીરી પંડિતોના નરસંહારની ૩૪મી વર્ષગાંઠના વિષય પર પ્રસ્તાવ રજૂ કર્યો. વેબસાઈટ પર લખવામાં આવ્યું છે કે આ પ્રસ્તાવ પર ત્રણ સભ્યોએ હસ્તાક્ષર કર્યા છે. હજુ સુધી કોઈ સુધારો રજૂ કરવામાં આવ્યો નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ત્રણ સભ્યોએ આ પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યા છે. ઠરાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ ગૃહ જાન્યુઆરી ૧૯૯૦માં સીમા પાર ઈસ્લામિક આતંકવાદીઓ અને તેમના સમર્થકો દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં કાશ્મીરી પંડિતો પરના હુમલાની ૩૪મી વર્ષગાંઠને ઉંડા દુઃખ અને નિરાશા સાથે નિહાળે છે.

**વિશેષ** | **જનકલ્યાણલક્ષી યોજનાનાં લાભાર્થીને લાભ વિતરીત કરાયા : મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત લાભાર્થીઓએ પ્રતિભાવો વર્ણવ્યા**

# વિસાવદર તાલુકાનાં સરસઇ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને કુમકુમ તિલક કરી ગ્રામજનો દ્વારા સ્વાગત

। (માહિતી) જૂનાગઢ ।

પ્રત્યેક વ્યક્તિ સુધી સરકારના યોજનાકિય પહોંચાડીને વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશ્યથી નિકળેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાને વિસાવદરનાં સરસઇ ગામે ગ્રામજનોએ ઉત્સાહભેર આવકારી હતી. આ પ્રસંગે સંસદ સભ્યશ્રી રાજેશભાઇ ચુડાસમાએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યુ કે, ભારત અમૃતકાળમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણ માટેનું વિઝન પ્રસ્તુત કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બની રહ્યુ છે. જનકલ્યાણકારી ૧૭ જેટલી યોજનાઓને આવરીને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ ગામે ગામ પહોંચીને યોજનાનાં લાભોથી વંચિત અંત્યોદને વિકાસની ધુરામાં સહભાગી બનાવવામાં સિધ્ધ રહ્યો છે, આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જન કલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ સાર્થક બની રહ્યો છે. સાથે આગામી ૨૨ જાન્યુઆરીએ ભગવાન શ્રી રામનાં અયોધ્યા ખાતે નિજ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે ગામને સ્વચ્છ અને ગામનાં ધાર્મિક મંદિરોને સ્વચ્છતા રાખવા માટે આહવાન કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા સહકારી બેંકનાં ચેરમેનશ્રી કિરીટભાઇ પટેલે ઉપસ્થિત સરસઇ ગામનાં ગ્રામજનોને સંબોધતા



જણાવ્યુ હતુ કે જૂનાગઢ જિલ્લામાં સરકારશ્રી દ્વારા પ્રજાકલ્યાણકારી યોજનાઓનો વ્યાપ તમામ લાભાર્થી અને નાગરીકો સુધી પહોંચાડવા અને યોજનાઓની જાગૃતી ફેલાવવા ‘‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ નું સુદ્રઢ આયોજન અંતર્ગત આજે સરસઈ ગામે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ આવી છે, ત્યારે ગામનાં એકપણ ગ્રામજન કલ્યાણકારી યોજનાથી વંચિત ના રહે તેની સૌએ તકેદારી રાખી યોજનાઓની જાણકારી મેળવવા જણાવ્યુ હતુ. અને જૂનાગઢ જિલ્લામાં સહકારી બેંક માળખાનાં વિસ્તૃતિકરણની વિગતો રજુ કરી હતી. પૂર્વ ધારાસભ્યશ્રી હર્ષદભાઇ રિબડીયાએ પ્રાકૃતિક ખેતિ તરફ વળવા ખેડુતોને જણાવી રાસાયણિક દવા-ખાતર યુક્ત ખેત ઉત્પાદનોની બાબતે વિગતે વાત કરી હતી. જિલ્લા પંચાયતનાં સદસ્યશ્રી વિપુલભાઇ કાવાણીએ આમંત્રીત મહાનુભાવોને આવકારી પ્રધનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની સર્વાંગી વિકાસની જનકલ્યાણકારી યોજનાઓ વિશે વાત કરી હતી. આ કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાના સ્ટોલ પ્રદર્શન દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી મળી હતી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી અને સહાય કરવામાં આવી હતી. તેમજ વિવિધ કચેરીઓ દ્વારા પ્રદર્શન સ્ટોલ અને કેમ્પ પણ રાખવામાં આવ્યા હતા. મહાનુભાવોનાં હસ્તે સફળ મહિલા, તેજસ્વી વિદ્યાર્થી, ગ્રામિણ કલાકારનું પ્રશસ્તિપત્ર અર્પણ કરી બહુમાન કરાયું હતું. સરસઇ ગ્રામ પંચાયતને નલ સે જલ-વાસ્મો યોજનના સફળ અમલીકરણ માટે અભિનંદન પત્ર આપવામાં આવ્યો હતો. જે ગામનાં સરપંચશ્રી ચેતનભાઇ દુધાતે સ્વીકાર્યો હતો.

આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ‘મેરી કહાની, મેરી જુબાની’ હેઠળ વિવિધ યોજનાના લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાકીય લાભો અંગે અનુભવો વર્ણવી સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. મિશનમંગલમ ગ્રુપની બહેનો દ્વારા પ્રાકૃતિક કૃષિ લક્ષી લઘુ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ તકે પ્રધાનમંત્રીશ્રીનો વિડિયો સંદેશ તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ફિલ્મ સૌ ગ્રામજનોએ રસપૂર્વક નિહાળી હતી. આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત તબીબી પરીક્ષણ કેમ્પનો ગ્રામજનોએ લાભ લીધો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્રને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવા સંકલ્પ લીધા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતનાં સદસ્યા સુશ્રી મધુબેન વિરેન્દ્રભાઇ સાવલીયા, તાલુકા પંચાયતનાં પ્રમુખ સુશ્રી રેખાબેન સોમાતભાઇ સરસીયા, તાલુકા પંચાયતનાં સદસ્ય નિતિનભાઇ કપુરીયા, કાંતિભાઇ સાવલીયા, પ્રવિણભાઇ સાવલીયા, જયરાજ વિકમા, અશ્વિન સરધારા, અગ્રણીશ્રી હરીભાઇ રીબડીયા, ચંદુભાઇ મકવાણા, બચુભાઇ સિસોદિયા, ચંપાબેન સાવલીયા, તાલુકા વીકાસ અધિકારી સુશ્રી જોષી વાસ્મો યોજનાનાં નોડલ નાયબ મેનેજર શૈલેષ પંડીત, ગ્રામ પંચાયતનાં હોદેદારશ્રીઓ, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનાં અંતે ઉપસ્થિત અગ્રણીઓએ સરસઇ ગામનાં પ્રાચિન તિર્થભુમિ ભૈરવદાદાનાં મંદિર પરિસરની સફાઇ કરી હતી. સરસઇ ગામનાં યુવાનોએ સાંસદશ્રીને પુષ્પાહાર અને શાલથી સન્માનિત કર્યા હતા. ખેતીમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપતી ‘નમો ડ્રોન દીદી યોજના’ સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. ખેતી પાકમાં ડ્રોનનું લાઈવ નિદર્શન દ્વારા ખેતરમાં પાક પર ડ્રોનથી દવા છંટકાવ કરી શકાય તે ગ્રામજનોએ સૌએ લાઈવ નિદર્શન નિહાળ્યું હતું.

### ચતુર્થ દિવસે ઈન્દોર પીઠાધીશ્ર્વર પં.પુ.ધં.ધુ.૧૦૦૮ શ્રી ચીન્મયાનંદ સરસ્વતી સ્વામી પધાર્યા

# ચતુર્થ દિવસે સહસ્ત્રચંડી મહાયજ્ઞ મા ખાસ સગ્રહમખ શ્રી દુર્ગા સપ્તશતી પાઠ દ્વારા હવન કરવામા આવ્યુ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

ઝાલોદ તાલુકાના લીમડી નજીક બિલવાણી ગામે સહસ્ત્રચંડી મહાયજ્ઞના ચતુર્થ દીને (ચોથા દિવસે) વિધ્વાન પંડીતો દ્વારા વહેલી સવાર થી પુજાનો પ્રારંભ કરવામા આવ્યો હતો અને મહાયજ્ઞમા બેસેલા યજમાનોને સવારે ૧૦ કલાકે પુજામા બેસ્યા હતા.ત્યારે આજના ચતુર્થ દીને ખાસ ઈન્દોર થી મધ્યપ્રદેશના ઈન્દોરના શ્રી શ્રી વિધ્યાધામ થી પં.પુ.ધં.ધુ.૧૦૦૮ શ્રી ચીન્મયાનંદજી સરસ્વતીજી જેઓ શ્રી વિધ્યાઉપાસક છે તેઓ આજે બિલવાણી ખાતે સહસત્ર ચંડી મહાયજ્ઞ મા પધાર્યા હતા.બિલવાણી મા પુજા કરાવી રહેલ વિધ્વાન પંડીતો દ્વારા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

પં.પુ.ધં.ધુ.૧૦૦૮ શ્રી ચીન્મયાનંદજી સરસ્વતીજીનુ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર દ્વારા સ્વાગત કરવામા આવ્યુ હતુ. પં.પુ.ધં.ધુ.૧૦૦૮ શ્રી ચીન્મયાનંદજી સરસ્વતીજી એ યજ્ઞશાળામા પધારી સૌને આશીર્વચન આપ્યા હતા. તેમજ આજ ના સમય મા જબરદસ્તી થઈ ઘણા લોકોને લોભ,લાલચ આપીને ધર્માંતરણ કરવામા આવે છે. તેમજ જે રીતે શરીર અને આત્મા નો સંબધ હોય છે. જેમ શરીર માથી આત્માને અલગના કરી શકે તેમ માનવને પોતાનો ધર્મ છે તમને પણ ધર્મ થી અલગષના કરવો જોઈએ, ધર્મની પરિભાષા જે ધારણ કરવા યોગ્ય તે જ ધર્મ છે, જે રીતે હમ ધર્મ ના બતાવેલા રસ્તા ઉપર ચાલીયે છીયે ત્યારે અમારી રક્ષા પોતે ધર્મ કરે છે.ધર્મો રક્ષતી રક્ષીતઃ પં.પુ.ધં.ધુ.૧૦૦૮ શ્રી ચીન્મયાનંદજી સરસ્વતીજી એ પોતાના વક્તવ્ય મા આપ્યુ હતુ. ચતુર્થ દિવસે સહસ્ત્રચંડી મહાયજ્ઞમા ખાસ સગ્રહમખ શ્રી દુર્ગા સપ્તશતી પાઠ દ્વારા હવન કરવામા આવ્યુ હતુ.તેમજ માઁ ભગવતી ને પ્રસન્ન કરવામા વિશેષ પ્રકારે બનાવેલ ખીરાન (ખીર) અને હલવા અને અલગ અલગ ફળની મહાઆહુતી આપ વામા આવી. તેમજ આજે બિલવાણી ખાતે મહાયજ્ઞમા દાહોદ જીલ્લા પંચાયત પ્રમુખ પર્વતભાઈ ડામોર, દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કીશોરી, દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયાર, સુધીરભાઈ લાલપુરવાળા, મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, રાકૂશભ્ઈ બાકલીયા સહીત ના રાજનેતાઓએ પુજાનો લ્હાવો લીધો હતો.

## ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને તેમનાં ધર્મપત્નીનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માસભર સ્વાગત કરતા રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી

### ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં સહભાગી થવા પધાર્યા ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં સહભાગી થવા ગુજરાતના પ્રવાસે પધારેલા ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ અને તેમનાં ધર્મપત્નીનું અમદાવાદ એરપોર્ટ ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. અમદાવાદ એરપોર્ટ પર પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, જીએડીના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાની, અમદાવાદના પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક, એરફોર્સના એર માર્શલ શ્રી નર્મદેશ્વર તિવારી, રાજ્યના ચીફ પ્રોટોકોલ ઓફિસર શ્રી જ્વલંત ત્રિવેદી, જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. સહિતના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહી ઉપરાષ્ટ્રપતિશ્રી અને તેમનાં ધર્મપત્નીને આવકાર્યા હતા.





## અમદાવાદના કૃષ્ણનગરની ઘટના બે વર્ષ પહેલા દીકરા અને દીકરીના થયેલા અપહરણનો ભેદ ઉકેલાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

કૃષ્ણનગર પોલીસ મથકે વર્ષ ૨૦૨૧ માં એક મહિલા આવી અને પોલીસને પોતાની આપવીતી જણાવે છે. જેમાં તેમના દીકરો અને દીકરીનું કોઈ અપહરણ કરી ગયું હોય તેવી હકીકત જણાવતા પોલીસે પણ ગંભીરતા લઈને આ મહિલાના બંને સંતાનોને શોધવા અલગ અલગ ટીમો બનાવી હતી. આ દરમિયાન પોલીસ કર્મીઓએ ભજીયાં, શાકભાજી, ફુગ્ગાથી ભંગાર વેચવાનું કામ કરતો વેશપલટો કર્યો હતો. પોલીસ કર્મીઓની વેશપલટાની તસ્વીરો સાથે આખીય ઘટના પર નજર કરીશું. પોલીસની પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું કે સંતાનોના પિતા જ તેને લઈને અન્ય જગ્યા પર ચાલ્યા ગયા છે. જેથી પોલીસે સંતાન અને તેના પિતાને શોધવા માટે અલગ અલગ ટીમો અલગ અલગ જગ્યાઓ પર મોકલી હતી, પરંતુ સંતાન કે પિતાનો કોઈ અતોપતો મળ્યો ન હતો. એક સમયે પોલીસે એવું પણ માની લીધું હતું કે બંને સંતાનોના પિતા તેને લઈને વિદેશ નાસી છૂટ્યા હશે. આ સમગ્ર પ્રક્રિયા વચ્ચે સંતાનોની માતાએ ગુજરાત હાઈકોર્ટમાં હેબિયર્સ કોપર્સ દાખલ કરાવી તેના બંને સંતાનોની કસ્ટડી મેળવવા પીટીશન દાખલ કરાવી હતી. જે બાદ સમગ્ર કેસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પણ અલગ અલગ મુદ્દાઓને તપાસી આખરે બંને બાળકો અને તેના અપહરણકર્તા એટલે કે બાળકોના પિતાને સુરતમાંથી શોધી કાઢ્યા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા જે રીતના તપાસ શરૂ કરવામાં આવી તો પ્રાથમિક તારણ મુજબ બંને સંતાનોના પિતા તેને લઈને ગેરકાયદેસર રીતે વિદેશ ચાલ્યા હોવાનું અનુમાન લગાડવામાં આવ્યું હતું, પરંતુ પાસપોર્ટ અને અન્ય વિગતો પરથી ખ્યાલ આવ્યો કે તેઓ વિદેશ ગયા નથી.



શિવરંજની કોમ્પલેક્ષમાં ભગવાન રામના મંદિરની પ્રતિકૃતિ બનાવવામાં આવી.

## અમદાવાદના શિક્ષકોએ પણ યુનિફોર્મ પહેરવો પડશે

। ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાતના અમદાવાદમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. તાજેતરમાં સામે આવેલા અહેવાલ મુજબ, ગુજરાતના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ આવતી શાળાઓમાં વિદ્યાર્થીઓની જેમ શિક્ષકોને પણ ડ્રેસ મળશે. આ અંગે માહિતી મળી છે કે આ નિર્ણયને લઈને દિશા નિર્દેશ જાહેર કરી દેવામાં આવ્યા છે. અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૧૦૯૪ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે, જેમાં સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે એક સમાન ડ્રેસ કોડ રાખવાનો મુદો પણ સામેલ છે. ટૂંક સમયમાં શિક્ષકો અને અન્ય લોકોની એક કમિટી બનાવવામાં આવશે અને ડ્રેસ કોડ અંગે નિર્ણય લેશે. કમિટીમાં શિક્ષણ અધિકારીઓથી લઈને શાળાના શિક્ષકો અને અન્ય સ્ટાફ માટે એક સમાન ડ્રેસ કોડ તૈયાર કરવામાં આવશે. જ્યારે, ૧૦૯૪ કરોડ રૂપિયાના બજેટમાંથી ૯૪૭ કરોડ રૂપિયા શિક્ષકો અને કર્મચારીઓના પગાર પર ખર્ચવામાં આવશે. જ્યારે બાકીની ૧૪૭ કરોડની રકમ વિદ્યાર્થીઓના વિકાસ સહિતની વિવિધ પ્રવૃત્તિઓ પાછળ ખર્ચવામાં આવશે.

### હરણી બોટ દુર્ઘટનાનો મૃત્યુઆંક વધીને ૧૭ થયો

# બેદરકારીના કારણે બાળકોના જીવ ગયા તે સાંખી નહીં લેવાય : હાઈકોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

વડોદરાના ગુરુવારે હરણી તળાવમાં ૨૭ લોકોને લઈને જતી એક હોડી પલટી મારી ગઈ હતી. આ ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૭ થઈ ગયો છે જેમાં ૧૫ બાળકો અને બે શિક્ષકોનો સમાવેશ થાય છે. આ મામલો હવે ગુજરાતા હોઈકોર્ટ સુધી પહોંચ્યો છે. હાઈકોર્ટમાં સુઓમોટો દાખલ કરવાની રજૂઆતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. હાઈકોર્ટે ઝાટકણી કાઢતા કહ્યું કે,' બેદરકારીના કારણે નિર્દોષ બાળકોના જીવ ગયા તે સાંખી નહીં લેવાય.' હાઈકોર્ટના એડવોકેટ એસોસિયેશનના પ્રમુખે હાઈકોર્ટમાં રજૂઆત કરતા કહ્યું હતું કે, થોકબંધ લાઈફ જેકેટ હોવા છતા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા ન હતા. શાળા સંચાલકોએ કોન્ટ્રાક્ટર પર આરોપ લગાવ્યો હતો કે લાઈફ જેકેટની માંગણી કરી હોવા છતાં અપ ાયા ન હતા. તો બીજી તરફ ક્રુઈએ પણ શાળાને આ બેદરકારી માટે જવાબદાર ઠેરવતા કહ્યું કે 'પ્રવાસને લઈને કોઈ પરવાનગી લેવામાં આવી નહોતી. લાઈફ જેકેટ વગર બાળકોને હોડીમાં બેસાડવાની જરૂર ન હતી.' વડોદરા હોડી દુર્ઘટનાને લઈને પોલીસ કમિશનર દ્વારા એસઆટીની રચના કરવામાં આવી છે. ઘટનાની તપાસ થાય તે માટે ઉચ્ચ અધિકારીઓની સાત સભ્યોની ટીમ બનાવવામાં આવી છે. જોઈન્ટ સીપીમનોજ નિનામા સિટના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ દુર્ઘટના મામલે ૧૦ દિવસમાં જિલ્લા મેજિસ્ટ્રેટને રિપોર્ટ સોંપવામાં આવશે. વડોદરામાં બનેલી આ દુર્ઘટના માટે જવાબદાર એવા ૧૮ લોકો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

### હરણીમાં બોટ પલટી જતાં બાળકોનાં મોત થયા હતા

# વડોદરામાં શિક્ષિકા-છાત્રાના મૃતદેહને અગ્નિદાહ અપાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરાના હરણી વિસ્તારમાં આવેલા લેક ઝોનમાં બોટ પલટી જવાના કારણે ૧૨ માસૂમ બાળકો અને ૨ શિક્ષકોના મોતની ઘટનાએ વડોદરા સહિત સમગ્ર ગુજરાતને શોકમાં ગરકાવ કરી દીધુ છે. મોતને ભેટેલા આ બાળકોની ક્યાંક અંતિમ યાત્રા તો ક્યાંક જનાજો નિકળ્યો હતો અને સ્મશાનમાં તેમજ કબ્રસ્તાનમાં તેમની અંતિમ વિધિ થઈ હતી. તેમાં પણ શહેરના ખાસવાડી સ્મશાનમાં તો શિક્ષકા અને તેમની શિષ્યાના મૃતદેહને એક સાથે અગ્નિદાહ અપાયો તો હાજર રહેલા લોકોની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી. શિક્ષિકા અને તેમની વિદ્યાર્થિનીનો સ્કૂલની જગ્યાએ સ્મશાનમાં મેળાપ થયો હતો. મળતી વિગતો પ્રમાણે હરણીના લેકઝોન ખાતે ગુરૂવારે વાઘોડિયા રોડ પરની ન્યૂ સનરાઈઝ સ્કૂલના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પિકનિક માટે ગયો હતો અને બોટ ચલાવનાર તેમજ લેક ઝોનના સંચાલકોએ ક્ષમતા કરતા વધારે બાળકોને બેસાડતા બોટ પલટી ખાઈ ગઈ હતી.















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨